આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરી ગ્રન્થમાળા.

મુનિમહારાજ
શ્રી જગતચંદ્રજી
મહારાજના ઉપદેશથી મર્હુમ
શા. મંગળદાસ લલુભાઈના પુત્ર
રમણભાઈના સ્મરણાર્થે.

# શ્રીમન્નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલી.

છપાવી પ્રસિદ્ધ
કરનાર.

અમદાવાદ મધ્યે શ્રી
જૈન યુવક મંડળ તરફથી
શ્રાવક મયાભાઈ ઠાકરશીએ
શાન્તીવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
ઇશ્વરલાલ કેશવલાલ વકીલ
અને માણેકલાલ માધવજી
પાસે છપાવી.

આવૃત્તિ ૧ લી

પ્રત ૧૦૧. સં. ૧૯૭૩
વીર સંવત ૨૪૪૩. સને ૧૯૧૬.

—સૂચના—

આ ચોપડી રખડતી મુકી આશાતના કરશો નહિ.

અમૂલ્ય (ફ્રી)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्वेतपद्मासना देवी श्वेतपद्मोपशोभिता
श्वेताम्बरधरा देवी श्वेतगन्धानुलेपना।
अर्चिता मुनिभिः सर्वैं ऋषिभिस्तूयते सदा
एवं ध्यात्वा सदा देवीं वांछितं लभते नरः ॥१॥



उदयशिखरिचन्द्राः सद्व्योमोधिचन्द्राः
सुकृतकुमुदचन्द्रा ध्वान्तविध्वंसचन्द्राः।
कुमतनलिनचन्द्राः कीर्त्तिविख्यातचन्द्राः
प्रमदजननचन्द्राः श्रेयसे पार्श्वचन्द्राः
श्रेयसे भ्रातृचन्द्राः ॥ १ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्रीजैन श्वेताम्बर धर्मोपदेशक पञ्चाचारादि गुणोपेत मुनिराज
श्री श्री श्री १००८



आचार्य श्रीमान् भ्रातृचन्द्र सूरीश्वर मरुधर गुर्जर कच्छ निवासी
भव्योधारक

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અર્પણ પત્રિકા.

મહૂર્મ વડિલ ભ્રાતા,

શા. મંગળદાસ લલ્લુભાઇ.

આપે મહૂર્મ પૂજ્ય આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીની અનન્ય ભક્તિ કરી "શ્રીમન્નાગપુરીય તપાગચ્છ" સંપ્રદાયનાં કેટલાંક પુસ્તકોનો ઉદ્ધાર કરી પ્રગટમાં આણેલા તે ઉપકારના બદલામાં આ લઘુ પુસ્તક આપનો અમર આત્મા જ્યાં હોય ત્યાં શાન્તિના અર્થે સમર્પણ કરીએ છીએ. તથાસ્તુ !

સં. ૧૯૭૩ ના કાર્તિક શુકલ પૂર્ણિમા.

લી૦
શ્રી જૈન યુવક મંડળ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના.

આ પટ્ટાવલી **શ્રીમન્નાગપુરીય વૃહત્તપાગચ્છની** છે. તે નામ છઠ્ઠું થયેલ છે. પહેલો નિર્ગંથગચ્છ બીજા પટ્ટધર શ્રી સુધર્માસ્વામીથી, બીજો કૌટિક-ગચ્છ બારમા પટ્ટધર શ્રીસુસ્થિતસૂરિથી, ત્રીજું નામ ચંદ્રગચ્છ સત્તરમા પટ્ટ-ધર શ્રીચંદ્રસૂરિથી, ચોથું નામ વનવાસીગચ્છ અઢારમા પટ્ટધર શ્રીસામંતભદ્ર-સૂરિથી, પાંચમું નામ વડગચ્છ સાડત્રીસમા પટ્ટધર શ્રીઉદ્યોતનસૂરિથી. છઠ્ઠું નામ નાગપુરીય તપાગચ્છ ચુમ્માળીશમા પટ્ટધર શ્રી વાદિદેવસૂરિના સમયથી ઉપર પ્રમાણે નામ તે તે પટ્ટધરથી થયેલ છે. અન્ય ગચ્છવાળાઓ શ્રી સુધર્મા-સ્વામીથી પ્રથમપાટ ગણે છે. ત્યારે આ ગચ્છમાં શ્રી મહાવીરસ્વામીથી પ્રથ-મપાટ ગણેલ છે. ૩૮ મી પાટથી અંચળ, ૪૧ મી પાટથી ખરતર, અને ત્રેંતાળીશમી પાટથી તપા, એમ ગચ્છો જુદા પડે છે. આ પટ્ટાવલી હોંતેર પાટ સુધીની છે. પહેલાથી હોંતેર સુધીના પટ્ટધરોના સમયમાં થયેલા કેટલાક પ્રસિદ્ધ આચાર્યો, તેમજ ટુંક પ્રાસંગિક ઇતિહાસ પણ આપેલ છે. આ પટ્ટા-વલી પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય, આચાર્યમહારાજ શ્રી **ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીના** શિષ્ય મુનિમહારાજ **શ્રીસાગરચંદ્રજીએ** નાની મોટી દશ પટ્ટાવલીઓ એકઠી કરી તેમાંથી ટુંક સાર ગ્રહણ કરી લખી આપેલ છે, માટે તેઓશ્રીનો અમો અત્યંત ઉપકાર માનીએ છીએ. આ પટ્ટાવલીમાંથી સજ્જન પુરૂષો ગુણ ગ્રહણ કરો. છપાવવામાં અથવા હસ્તલેખમાં જે દોષ થયેલ હોય તેને સુધારીને વાંચવા ભલામણ કરીએ છીએ.

**લી. યુવક મંડળ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ

# श्रीमन्नागपुरीय तपागच्छनी पट्टावली.

श्रीमन्तोऽर्हत्सिद्धा,–चार्योपाध्यायसाधवः सर्वे ॥
श्रेयःश्रियः समृध्यै, सन्तु सतां कार्यसिध्यै च ॥ १ ॥

सिद्धार्थभूपालकुलोदयाद्रि,–प्रद्योतनः श्रीत्रिशलांगजन्मा ॥
श्रीवर्द्धमानो भगवान् प्रवर्द्ध,–मानः श्रिया भव्यजनान् धिनोतु ॥२॥

श्रीइन्द्रभूतिप्रमुखागणेशा,–नेकादशापि प्रयतः प्रणौमि ॥
विशेषतस्तेषु सुधर्मनामा, नमस्क्रियामर्हति तीर्थपत्वात् ॥ ३ ॥

तीर्थे वीरजिनेश्वरस्य विदिते श्रीकोटिकाख्ये गणे,
श्रीमच्चन्द्रकुले वटोरुहवृहद्गच्छे परिम्लायिते ॥
श्रीमन्नागपुरीयकाह्वयतपा प्राप्तावदातेऽधुना,
स्फूर्जद्भूरिगुणान्विता गणधरश्रेणी सदा राजते ॥ ४ ॥

अलौकिकगुणग्रामा–भिरामान्सूरिसद्गुरून् ॥
आचार्यभ्रातृचन्द्राख्या,–न्वन्देऽहं ज्ञानवृद्धये ॥ ५ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# (૧) શ્રી મહાવીર સ્વામી શાસન નાયક.

શ્રી વર્દ્ધમાનસ્વામી વિક્રમ સંવતથી અગાઉ ૪૭૦ વર્ષ પર મોક્ષે પધાર્યા. સર્વાયુ વર્ષ ૭૨, એમનું બીજુંનામ મહાવીર, ત્રીજુનામ વીર, અને ચોથું નામ જ્ઞાતનંદન હતું. એ ભગવાન જ્ઞાતજાતના ક્ષત્રિય હતા. એમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા, માતાનું નામ ત્રિશલાદેવી, અને ભાઈનું નામ નંદિવર્ધન હતું. એમનું જન્મસ્થળ ક્ષત્રિયકુંડ નગર હતું. એ ભગવાને એક-ત્રીશમે વર્ષે દીક્ષા લીધી. અને સાડા બારવર્ષ લગી ઉગ્રતપ કરી કેવળ જ્ઞાન પામ્યા, ત્યારબાદ ત્રીસવર્ષ લગી કેવળજ્ઞાનથી અનેક જીવોને પ્રતિબોધ પમાડી બોતેર વર્ષનું આયુ ભોગવી ચોથાઆરાના અંત પહેલાં ત્રણવર્ષ અને સાડા-આઠમહિને પાવાપુરી નગરીમાં આસો વદ ૦)) ના દિને મોક્ષે સિધાવ્યા.

એમના અગ્યાર ગણધર એટલે મુખ્ય શિષ્યો હતા. ૧ ઇંદ્રભૂતિ. ૨ અગ્નિભૂતિ. ૩ વાયુભૂતિ. ૪ વ્યક્ત. ૫ સુધર્માસ્વામી. ૬ મંડિતપુત્ર. ૭ મૌર્યપુત્ર. ૮ અકંપિત. ૯ અચલભ્રાતા. ૧૦ મેતાર્ય અને ૧૧ પ્રભાસ. આ પ્રમાણે તેમનાં નામો જાણવાં.

એમના આણંદ, કામદેવ, શંખ, પુષ્કલી, મહાશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર વિગેરે મુખ્ય શ્રાવકો હતા.

એમની ચંદનબાળા પ્રમુખ સાધ્વીઓ હતી. અને જયંતી, રેવતી, તથા સુલસા વિગેરે મુખ્ય શ્રાવિકાઓ હતી.

શ્રેણિક ( બિંબિસાર ), કૌણિક( અજાતશત્રુ),ઉદાયી,ઉદાયન, ચેટક, નવ-મલ્લિક જાતના રાજા, નવલેચ્છિક જાતના રાજા, ઉજ્જેણીનાં રાજા ચંડપ્રદ્યોતન, આમલકલ્પાનગરીનો રાજા શ્વેત, પોલાસપુરનો રાજા વિજય, ક્ષત્રિયકુંડનો રાજા નંદિવર્ધન, વીતભયપટ્ટનનો રાજા ઉદાયન, દશાર્ણપુરનો રાજા દશાર્ણભદ્ર, તથા પાવાપુરીનો રાજા હસ્તિપાલ, ઇત્યાદિક રાજાઓ શ્રી વીર-સ્વામીના ઉપાસક હતા. ભગવંતના શાસનમાં નિન્હવોની ઉત્પત્તિ આ પ્રમાણે છે:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી વીરકેવલ્યાત્ ૧૪ વર્ષે જમાલી "कड माणे कडे" એ વચનનો ઉત્થાપક પ્રથમ નિન્હવ થયો. શ્રી વીરકેવલ્યાત્ ૧૬ વર્ષે તિષ્યગુપ્ત, તેણે જીવના પ્રદેશમાં જીવ સ્થાપન કર્યો એ બીજો નિન્હવ. શ્રી વીરાત્ ૨૧૪ વર્ષે અવ્યક્તવાદી ત્રીજો નિન્હવ. શ્રી વીરાત્ ૨૨૦ વર્ષે શુન્યવાદી ચોથો નિન્હવ. શ્રી વીરાત્ ૨૨૮ વર્ષે એક સમયે બે ક્રિયાવેદે એ પ્રમાણે સ્થાપન કરનાર પાંચમો નિન્હવ. શ્રી વીરાત્ ૫૫૪ વર્ષે નોજીવનું સ્થાપન કરનાર છઠ્ઠો નિન્હવ. શ્રી વીરાત્ ૫૮૪ વર્ષે ગોષ્ઠામાહિલ નામે સાતમો નિન્હવ.

**॥ ઇતિ શ્રી વીરશાસને સપ્તનિન્હવોત્પત્તિકાલ: ॥**

તેમના પ્રથમશિષ્ય ગૌતમગૌત્રિય ઇન્દ્રભૂતિ, મગધદેશ ગુબ્બર ગામના વાસી, વસુભૂતિ પિતાનું નામ, પૃથ્વી માતાનું નામ, ૫૦ વર્ષ ગૃહસ્થપણે રહ્યા, ૩૦ વર્ષ છદ્મસ્થપણે રહ્યા, ભગવંતના મોક્ષ સમયે કેવળ જ્ઞાન પામી ૧૨ વર્ષ ભવ્યજીવોને પ્રતિબોધ આપી રાજગૃહી નગરીને વિષે એક માસનું અણસણ પાળી સર્વાયુવર્ષ ૯૨ સંપૂર્ણ કરી મુક્તિ ગયા.

**यतः—अब्धिर्लब्धिकदंबकस्य तिलको निःशेषसूर्यावले,—**
**रापीडःप्रतिबोधनैपुणवतामग्रेसरो वाग्मिनां ॥**
**दृष्टान्तो गुरुभक्तिशालिमनसां मौलिस्तपस्विजुषां,**
**सर्वाश्चर्यमयो महिष्टसमयः श्रीगौतमस्तान् मुदे ॥ १ ॥**

શ્રી ગૌતમસ્વામીના સર્વ શિષ્યો પોતાનાથી પહેલાજ મોક્ષે ગયા તેથી એમનો પાટ ન ચાલ્યો. બીજા ગણધરો પોતાના શિષ્યો સુધર્માસ્વામીને સોંપી ભગવંત છતાંજ મોક્ષે ગયા, તેથી શ્રી સુધર્માસ્વામીની પાટ ગણાઈ અને તે પાટ પાંચમા આરાના અંતે થનાર શ્રી દુઃપ્રસહસૂરિ સુધી ચાલશે.

## (૨) શ્રી સુધર્માસ્વામી. (નિર્ગ્રંથગચ્છ)

શ્રી વીરપ્રભુની પાટે તેમના પાંચમા ગણધર સુધર્માસ્વામી થયા. તેમણે બાર અંગસૂત્રની રચના કરી, સુધર્માસ્વામીનો જન્મ કોલ્લાક ગામમાં અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અગ્નિવૈસ્યાયન ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ ધમ્મિલ તથા માતાનું નામ ભદ્દિલ્લા હતું. તેઓ પચાસવર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા. ત્રીસવર્ષ વીરપ્રભુની ચરણ સેવા કરી. વીર નિર્વાણ પછી બારવર્ષ છદ્મસ્થ રહી, ગૌતમસ્વામીના નિર્વાણ થતાં કેવળજ્ઞાન પામી, આઠવર્ષ કેવળજ્ઞાને રહી સર્વાયુ ૧૦૦ વર્ષ પૂર્ણ કરી વીરનિર્વાણથી વીસમે વર્ષે મોક્ષે ગયા.

## (૩) શ્રી જંબુસ્વામી.

સુધર્માસ્વામીની પાટે જંબુસ્વામી થયા. તે રાજગૃહીના વાસી રૂષભદત્ત શેઠની ધારણી નામે ભાર્યાની કુખે જન્મ્યા હતા. તેમણે નવાણું ક્રોડ સોનામહોર તથા આઠ સ્ત્રિયો છોડી ૧૬ વર્ષની જુવાન વયમાં દીક્ષા લીધી. સોળવર્ષ ગૃહસ્થાવાસ, ત્રીસ વર્ષ છદ્મસ્થ પર્યાય અને ચુમ્માલીશ વર્ષ કેવળ–પર્યાય પાલી, શ્રીવીરાત્ ૬૪ મે વર્ષે મોક્ષે ગયા. સર્વાયુ વર્ષ ૮૦. અહીંથી કેવળજ્ઞાન-આદિ દશ બોલ વિચ્છેદ ગયા.

તે દશબોલ આ પ્રમાણે છે. ૧ મનપર્યવ જ્ઞાન. ૨ પરમાવધિજ્ઞાન. ૩ પુલાકલબ્ધિ. ૪ આહારકલબ્ધિ. ૫ ક્ષપકશ્રેણિ. ૬ ઉપશમશ્રેણિ. ૭ જિનકલ્પ. ૮ સુક્ષ્મસંપરાય ચારિત્ર પરિહારવિશુદ્ધિ ચારિત્ર. તથા યથાખ્યાત ચારિત્ર. ૯ કેવળજ્ઞાન. ૧૦ સિદ્ધિગમન.

**यतः–मण १ परमोहि २ पुलाए ३, आहार ४ खवग ५ उवसमे ६ कप्पे ७॥ संजमतिय ८ केवल ९, सिज्जणाय १० जंबूमि वुच्छिन्ना.**

તે વખતે અવન્તિમાં પાલક રાજાનું રાજ્ય હતું.

## (૪) શ્રી પ્રભવસ્વામી.

શ્રી જંબુસ્વામીની પાટે પ્રભવસ્વામી થયા. તેમના વિષે એવી કથા છે કે જયપુરના વિંધ્ય નામના રાજાએ પોતાના વડા પુત્ર પ્રભવને રાજગાદી ન આપતાં નાનાપુત્ર પ્રભુને આપી તેથી પ્રભવ રીસાઈ બારવટે નીકળી પડયો. તે એકદિવસ પાંચસે ચોરોને સાથે લઈ જંબુસ્વામીના ઘરમાં લુંટવા આવ્યો. પણ ત્યાં જંબુસ્વામીના ઉત્કટ વૈરાગ્યને જોઇ પ્રતિબોધ પામી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે પાંચસેં ચોર સાથે દીક્ષા લીધી, અને ગચ્છ નાયક થયા. એઓ ત્રીશ-વર્ષ ગૃહસ્થાવાસ, ચુમ્માલીશ વર્ષ વ્રતપર્યાય, અને અગ્યારવર્ષ યુગપ્રધાન પદ્વી, કુલ મળી ૮૫ વર્ષનું સર્વાયુ પાળી વીરાત્ ૭૫મે વર્ષે સ્વર્ગે ગયા. ઉપકેશ ગામમાં શ્રી વીરપ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી,

## (૫) શ્રી સય્યંભવસૂરિ.

શ્રી પ્રભવસ્વામીની પાટે શ્રી સય્યંભવ સૂરિ થયા. એમણે એમના પુત્ર મનક સાધુના માટે દશવૈકાલિક સૂત્ર રચ્યું છે. એમની એવી ઉત્પત્તિ છે કે પ્રભવસ્વામીએ એક વખત વિચાર કર્યો કે મારી પાટપર બેસાડવાને કોણ લાયક છે. તેથી જ્ઞાનબળથી જોતાં પોતાના સર્વ સંઘમાં પાટયોગ્ય કોઇ દેખ્યો નહિ. ત્યારે પરદર્શનમાં ઉપયોગ દેતાં રાજગૃહમાં સય્યંભવભટ્ટને યોગ્ય પુરૂષ જોયો; પછી ત્યાં આવીને તેને પ્રતિબોધવા બે મુનિઓ મોકલ્યા. તેઓ જ્યાં સય્યંભવભટ્ટ યજ્ઞમાં હતા ત્યાં જઈ બોલ્યા કે "**अहो कष्ट महो कष्टं तत्त्वं न ज्ञायते कचित्**" આ પરથી સય્યંભવભટ્ટે યજ્ઞ કરનાર ઉપાધ્યાય પાસે જઈ તત્ત્વ કહેવાનો આગ્રહ કર્યો. ત્યારે ઉપાધ્યાયે કહ્યું કે આ યજ્ઞસ્તંભની નીચે જિનપ્રતિમા છુપાવી છે. અને તેનાજ પ્રભાવથી યજ્ઞમાં વિઘ્ન પડતું નથી નહિતો મહાતપાસિદ્ધ પુત્ર અને નારદ એ બે યજ્ઞનો ભંગજ કરી નાખે. આ પરથી સય્યંભવભટ્ટે જિનપ્રતિમાનાં દર્શનથી બોધ પામી દીક્ષા લીધી. તેમનો જન્મ રાજગૃહી નગરીમાં તથા વાત્સ્યગોત્રમાં થયો હતો. તેઓ ૨૮ વર્ષ ગૃહસ્થવાસે રહી ૧૧ વર્ષ સામાન્ય સાધુપણે રહી તથા ૨૩ વર્ષ યુગપ્રધાન પદ્વી પાળી કુલ ૬૨ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૯૮ વર્ષે સ્વર્ગે ગયા.

### પ્રાસંગિક ઇતિહાસ.

મગધદેશની રાજધાની મુખ્ય રાજગૃહનગરમાં હતી. ત્યાં વિક્રમથી અ-ગાઉ લગભગ પાંચસેં વર્ષના સુમારપર પ્રસેનજિત રાજા રાજ્ય કરતો હતો. તેની ગાદીએ શ્રેણિક રાજા થયો. શ્રેણિકને અભયકુમાર, મેઘકુમાર, કોણિક, હલ્લ, વિહલ્લ વિગેરે ઘણા પુત્રો હતા. અભયકુમાર ઘણો બુદ્ધિમાન હોવાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંત્રિપદ મળ્યું હતું. આ અભયકુમાર તથા મેઘકુમારે શ્રીવીરપ્રભુ પાસે દીક્ષા લીધી. તેથી રાજ્યવારસ કોણિક થયો. તે રાજ્યવારસ હોવાછતાં અધીરા થઇ બાપને પાંજરામાં કેદ કરી પોતે રાજગાદીપર બેઠો. પાછળથી એ બાબત પશ્ચાતાપ કરી બાપને કેદમાંથી મુક્ત કરવા ગયો તેટલામાં શ્રેણિકરાજા આપઘાત કરી મરણ પામ્યા. તેથી તે ઘણો દીલગીર થયો. અને આ શોકમાં તેણે રાજગૃહ છોડી ચંપાપુરને રાજધાની કરી. કોણિકબાદ તેનોપુત્ર ઉદાયી ગાદી પર બેઠો. તેણે ચંપાપુર બદલી પાટલી પુત્ર ( પટણા ) શહેરમાં રાજધાની સ્થાપી. આ ઉદાયી રાજાને પૌશધશાળામાં પોષહમાં એક અભવ્યે કપટથી બાર વર્ષ સુધી સાધુના વેશમાં રહી દગાથી માર્યો. હવે રાજાને કોઇ કુંવર ન હોવાથી પંચદિવ્યથી રાજા પસંદ કરવો ઠર્યો. અને તે દિવ્યથી ક્ષુદ્રવંશી નવનંદરાજા રાજગાદી પર આવ્યો; વળી કપિલવસ્તુ નગરમાં શાક્ય જાતનો રાજા શુદ્ધોધન નામે રાજ્ય કરતો હતો. તેનો શાકયસિંહ નામે પુત્ર હતો. તેનું બીજું નામ ગૌતમ હતું. તેણે દીક્ષા લીધી અને બૌદ્ધધર્મ ચલાવ્યો. બુદ્ધવિક્રમથી અગાઉ ૪૮૩ વર્ષપર થઇ ગયો છે.

## (૬) શ્રી યશોભદ્રસૂરિ.

શ્રી સય્યંભવસૂરિની પાટે શ્રીયશોભદ્રસૂરિ થયા તેઓ તુંગીયાયન ગોત્રમાં ઉત્પન્ન થયા હતા. તેઓ ૨૨ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, તથા ચૌદ વર્ષ વ્રત પર્યાયમાં રહ્યા અને પચાશ વર્ષ યુગપ્રધાન પદ્દીમાં રહ્યા. કુલ ૮૬ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૧૪૮ વર્ષે સ્વર્ગે ગયા.

## (૭) શ્રી સંભૂતિવિજયસૂરિ.

શ્રી યશોભદ્રસૂરિની પાટે શ્રીસંભૂતિવિજયસૂરિ થયા. અને બીજા ભદ્રબાહુ સ્વામી થયા. એમ બે આચાર્યો બેઠા. સંભૂતિવિજયસૂરિ માઢર ગોત્રમાં ઉત્પન્ન થયા હતા. તેઓ ૪૨ વર્ષ ગૃહસ્થાવાસમાં, ૪૦ વર્ષ વ્રતપર્યાયમાં અને ૮ વર્ષ યુગપ્રધાન પદ્દી પાળી કુલ ૯૦ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૧૫૬ વર્ષે સ્વર્ગે ગયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૮) શ્રી ભદ્રબાહુ સ્વામી.

ઉપર કહ્યું કે યશોભદ્રસૂરિની પાટે બે આચાર્ય બેઠા. તેમાંના ભદ્રબાહુ સ્વામી એ છેલ્લા ચૌદપૂર્વી થયા. એમણે દશ નિર્યુક્તિઓ કરી છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

૧ આવશ્યક નિર્યુક્તિ. ૪ આચારાંગ નિર્યુક્તિ. ૭ રિષિ ભાષિત નિર્યુક્તિ.
૨ દશવૈકાલિક નિર્યુક્તિ. ૫ સૂત્રકૃતાંગ નિર્યુક્તિ. ૮ બૃહત્કલ્પ નિર્યુક્તિ.
૩ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ. ૬ સૂત્રપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ. ૯ વ્યવહાર નિર્યુક્તિ.
૧૦ દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ.

તે સિવાય બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર તથા દશાશ્રુતસ્કંધ, નામના ત્રણ છેદ સૂત્રો એમણે રચ્યા તથા "ભદ્રબાહુ સંહિતા" નામે જ્યોતિષનો ગ્રંથ રચ્યો છે. એમનો ભાઇ વરાહમિહીર હતો. તેણે "વરાહમિહીર સંહિતા" બનાવી છે. ભદ્રબાહુ સ્વામી ૪૫ વર્ષ ગૃહસ્થાવાસમાં, ૧૭ વર્ષ વ્રતપર્યાયમાં, અને ૧૪ વર્ષ યુગપ્રધાન પદ્દીપાળી કુલ ૭૬ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રીવીરાત્ ૧૭૦ વર્ષે સ્વર્ગે ગયા.

## (૯) શ્રી સ્થૂળીભદ્રસ્વામી.

ઉપરના આચાર્યોની પાટે શ્રીસ્થૂળીભદ્રસ્વામી થયા. એમના બાપનું નામ શકડાલ હતું. તે નંદરાજાનો દીવાન હતો. વરરૂચિ નામના બ્રાહ્મણે શકડાલપર નંદરાજાનો અભાવ કરાવ્યો જેથી શકડાલે પોતાના પુત્ર શ્રીયકને હાથે પોતાનો શિરચ્છેદ કરાવ્યો. જેથી નંદે પશ્ચાતાપ કરી પાછી દીવાનગીરી તેમનેજ સોંપવા ઠરાવ્યું. હવે શ્રીયકના મોટાભાઇ સ્થૂળીભદ્ર કોસ્યા નામની વેશ્યાના ઘેર બાર વર્ષ લગી મોજ શોખમાં રહ્યા હતા. તેમને નંદ રાજાએ બોલાવી દીવાનગીરી આપવા માંડી પણ તેણે તે ન લેતાં વૈરાગ્ય પામી દીક્ષા લીધી. બાદ તેઓ ચૌદપૂર્વ મૂળપાઠથી તથા દશપૂર્વ બે વસ્તુ ન્યુન અર્થ સહિત શીખ્યા. એમને યક્ષા વિગેરે મહાબુદ્ધિવાન સાત બહેનો હતી. તે સાતે બ્હેનોએ દીક્ષા લીધી હતી. એમનો ભાઈ શ્રીયક નંદરાજાનો દીવાન થયો. શ્રીસ્થૂળીભદ્રસ્વામીએ ૭ માસ લગી પૂર્વ પરિચિત કોસ્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નામની વેશ્યાને ઘેર રહી તેના અનેક હાવભાવ વચ્ચે પોતાનું અખંડ શીલ રાખ્યું તેથી તેમનું નામ ખરેખર અમર થયું છે. સ્થૂળીભદ્રના વખતે ચંદ્ર ગુપ્તના રાજ્યમાં બાર વર્ષનો દુકાળ પડયો હતો. સ્થૂળીભદ્ર સ્વામી ૩૦ વર્ષ ગૃહસ્થાવાસ, ૨૪ વર્ષ વ્રતપર્યાય, ને ૪૫ વર્ષ યુગપ્રધાન પદ્વીપાળી કુલ ૯૯ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૨૧૫ વર્ષે સ્વર્ગે ગયા. ( છેલ્લા શ્રુત કેવળી અથવા તો છેલ્લા ચૌદ પૂર્વધર સ્થૂળીભદ્ર સ્વામી થયા. )

### પ્રાસંગિક ઇતિહાસ.

શ્રી વીરાત્ ૫૧ વર્ષ લગી શ્રેણિકવંશી રાજ્ય ચાલ્યું. વીરાત્ ૫૧ થી ૨૦૬ લગી ૧૫૫ વર્ષ સુધી નવનંદોનું રાજ્ય ચાલ્યું. વીરાત્ ૨૦૬ માં ચાણુકય નામના બ્રાહ્મણે નવમા નંદને રાજ્યમાંથી કાઢી મૂકીને મૌર્યવંશી ચંદ્રગુપ્ત રાજાને ગાદીપર બેસાડયો. એ રાજા જૈની હતો. વીરાત્ ૨૦૦ વર્ષે સીકંદરે હિંદુસ્તાન પર ચડાઇ કરી.

## (૧૦) શ્રી આર્યમહાગિરિસૂરિ.

શ્રી સ્થૂળીભદ્રની પાટે શ્રીઆર્યમહાગિરિ તથા આર્યસુહસ્તિસૂરિ એમ બે આચાર્યો થયા. આર્યમહાગિરિએ જિનકલ્પની તુલના કરી છે. ( આર્યમહાગિરિના શિષ્ય બલિસ્સહ તેના શિષ્ય ઉમાસ્વાતિ વાચક થયા. તેમણે તત્ત્વાર્થ પ્રમુખ ગ્રંથો કર્યા છે. ઉમાસ્વાતિના શિષ્ય શ્યામાચાર્ય થયા. તેમણે સુક્ષ્મનિગોદની વ્યાખ્યા કરી. અને પન્નવણાસૂત્ર રચ્યું છે એ શ્યામાચાર્ય વીરાત્ ૩૭૬ વર્ષે સ્વર્ગે ગયા. આ પ્રથમ કાલકાચાર્ય થયા ) આર્ય મહાગિરિ ૩૦ વર્ષ ગૃહસ્થાવાસ ૪૦ વર્ષ વ્રતપર્યાય અને ૩૦ વર્ષ યુગ પ્રધાન પદ્વી પાળી કુલ ૧૦૦ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૨૪૫ વર્ષે સ્વર્ગે ગયા.

## (૧૧) આર્યસુહસ્તિસૂરિ.

એમણે અવન્તિ સુકુમાળને પ્રતિબોધ્યો. વળી એમણે દુકાળથી ભૂખે મરતા એક ભીખારીને દીક્ષા આપી. તે ભીખારી મરણ પામી મૌર્યવંશી ચંદ્રગુપ્તરાજાનો પુત્ર બિન્દુસાર, તેનો પુત્ર અશોક, તેનો પુત્ર કુણાલ, અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેનો પુત્ર સંપ્રતિ નામે રાજા થયો. તેણે મારવાડ, ગુજરાત, પંજાબ, તથા દક્ષિણ વિગેરે સ્થળે જૈનધર્મ ફેલાવ્યો. વળી તેણે પોતાના નોકરોને :સાધુનો વેષ પહેરાવી શક, યવન, તથા પારસ વિગેરે દેશોમાં મોકલી ત્યાં પણ જૈન-ધર્મની પ્રવૃત્તિ કરાવી. આ સંપ્રતિરાજાએ ઘણા જિનમંદિરો તથા ઘણી જિ-નપ્રતિમાઓ ભરાવી છે. આર્યસુહસ્તિસૂરિ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં, ૨૪ વર્ષ વ્રતપર્યાય, અને ૪૬ વર્ષ યુગપ્રધાન પદ્વી પાળી કુલ્ર ૧૦૦ વર્ષનું સ-ર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૨૯૧ વર્ષે સ્વર્ગે ગયા.

## પ્રાસંગિક ઇતિહાસ

ચંદ્રગુપ્તરાજા પછી તેનો પુત્ર બિન્દુસાર રાજા થયો. તેની પછી તેનો પુત્ર અશોક રાજા થયો. તેણે બુદ્ધધર્મ સ્વીકાર્યો. અને તેણે આખા હિંદુસ્તાન તથા ચીન, જાપાન વિગેરે દેશોમાં પણ ફેલાવ્યો હતો.

## (૧૨) શ્રી સુસ્થિતસૂરિ, તથા સુપ્રતિબદ્ધસૂરિ. (કોટિકગચ્છ)

આર્યસુહસ્તિની પાટે સુસ્થિતસૂરિ અને બીજા સુપ્રતિબદ્ધ એમ બે આચાર્યો બેઠા. તેમણે સૂરિમંત્રનો ક્રોડવાર જાપ કર્યો. તેથી નિર્ગ્રંથગચ્છનું નામ કોટિકગચ્છ પડ્યું.

**સૂચના:—**સુપ્રતિબદ્ધસૂરિનો પાટ સુસ્થિતસૂરિની સાથે અંતર્ભૂત કર્યો છે. એ પ્રમાણે દિન્નસૂરિનો પાટ ઇંદ્રદિન્નસૂરિની સાથે અંતર્ભૂત કર્યો છે. ક્વ-ચિત્ આ પ્રમાણે પાઠ છે,

(સુસ્થિતસૂરિ ગૃહસ્થાવાસમાં વર્ષ ૩૧. વ્રતીતરીકે વર્ષ ૧૭. અને આચાર્યપદે વર્ષ ૪૮ કુલ ૯૬ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રી વીરાત્ ૩૩૯ વર્ષે સ્વર્ગે ગયા.) શ્રી વીરાત્ ૩૭૨ વર્ષે શ્રીસુસ્થિતસૂરિ સ્વર્ગે ગયા.

## (૧૩) શ્રી ઇંદ્રદિન્નસૂરિ તથા લઘુભ્રાતા દિન્નસૂરિ.

શ્રી સુસ્થિતસૂરિની પાટે બે આચાર્યો થયા (૧) શ્રી ઇંદ્રદિન્નસૂરિ અને (૨) શ્રી દિન્નસૂરિ થયા. શ્રી ઇંદ્રદિન્નસૂરિ શ્રી વીરાત્ ૪૨૧ વર્ષે સ્વર્ગે ગયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# (૧૪) શ્રી સિંહગિરિસૂરિ.

શ્રી ઇંદ્રદિન્નસુરિની પાટે તથા દિન્નસૂરિની પાટે શ્રી સિંહગિરિસૂરિ થયા શ્રીવીરાત્ ૫૪૭ વર્ષે તેઓ સ્વર્ગે ગયા. પ્રાસંગિક ઇતિહાસ.—

શ્રીવીરાત્ ૪૫૩ વર્ષે ગર્ધભિલ્લરાજાના ઉચ્છેદક બીજા કાલિકાચાર્ય થયા. અને શ્રીવીરાત્ ૪૫૩ વર્ષે ભૃગુકચ્છે મહાન્ નગરે શ્રી ખપુટાચાર્ય થયા. ત્યારબાદ વૃદ્ધવાદી તથા શ્રી પાદલિપ્તાચાર્ય થયા. શ્રી વીરાત્ ૪૫૭ માં વિક્રમરાજાએ પોતાનું રાજ્ય શકરાજાઓને હઠાવીને પાછું મેળવ્યું. ત્યારબાદ ૧૩ વર્ષે સુવર્ણદાનથી પૃથ્વીને રૂણરહિત કરી. શ્રી વીરાત્ ૪૭૦ વર્ષે પોતાનો સંવત ચલાવ્યો. શ્રી વીરાત્ ૪૬૪ વર્ષે આર્યમંગુનામે આચાર્ય થયા. તે સમયમાં શ્રી વૃદ્ધવાદિસૂરિના શિષ્ય શ્રી સિદ્ધસેનદિવાકર થયા. તે સિદ્ધસેનદિવાકરે ઉજ્જેણી નગરીના સ્મશાનમાં મહાકાલપ્રસાદમાં મહાદેવલિંગને ફોડી શ્રી પાર્શ્વનાથના બિંબને પ્રગટ કર્યો. આ ચમત્કારથી અને પ્રતિબોધથી વિક્રમરાજાને જૈની કર્યો. તેમણે સમ્મતિતર્ક, કલ્યાણમંદિર તથા વીરસ્તુતિ વિગેરે ગ્રંથો કર્યા છે.—પ્રાસંગિક ઇતિહાસ.

શ્રી વીરાત્ ૧ થી ૪૭૦ સુધીની રાજ્યસત્તા. વીરનિર્વાણ વખતે ઉજ્જેણીમાં ચંડપ્રદ્યોતનનો પૌત્ર પાળક મહારાજા થયો. તેનું રાજ્ય ૬૦ વર્ષ ચાલ્યું. ત્યારબાદ પાટલીપુત્રમાં નવનંદોનું રાજ્ય ૧૫૫ વર્ષ સુધી ચાલ્યું. બાદ મૌર્યવંશી રાજ્ય ૧૦૮ વર્ષ સુધી ચાલ્યું. ત્યારબાદ ૩૦ વર્ષ પુષ્પમિત્રનું રાજ્ય ચાલ્યું. પછી ૬૦ વર્ષ બાલમિત્ર અને ભાનુમિત્ર રાજા તે પાટલીપુરના રાજા થયા. અને કલ્પચૂર્ણિમાં કહેલ કાલિકાચાર્યનો બહિષ્કાર કરનાર ઉજ્જેણીના બાળમિત્ર અને ભાનુમિત્ર છે તેઓ પ્રથમનાથી જુદા છે. અને તેઓ વિક્રમસદી પાંચમાં થયા છે. ત્યારબાદ ૪૦ વર્ષ નભવાહન રાજાનું રાજ્ય હતું. ત્યાર પછી ૧૩ વર્ષ ગર્ધભિલ્લરાજાનું રાજ્ય થયું, ત્યારપછી ૪ વર્ષ શકજાતના લોકોએ રાજ્ય કર્યું. એ શક લોકોને વિક્રમરાજાએ જીતી લીધા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૧૫) શ્રી વજ્રસ્વામી. (છેલ્લા દશપૂર્વી.) વયરીશાખા.

શ્રી સિંહગિરિની પાટે વજ્રસ્વામી થયા. એમને બાલ્યાવસ્થામાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. એમની પાસે આકાશગામિની વિદ્યા હતી. એમના વખતમાં જ્યારે બીજો બારવર્ષી દુકાળ પડયો ત્યારે તેમણે સંઘની રક્ષા કરી હતી. એમણે દક્ષિણપથમાં બૌદ્ધ રાજ્યમાં જિનપુજામાટે સંઘના આગ્રહથી ફુલ લાવી આપ્યાં, અને રાજાને જૈની બનાવ્યો.

એ આચાર્યથી વયરીશાખા ઉત્પન્ન થઈ. તેઓ બાલ્યાવસ્થામાંથીજ દીક્ષા લઇ બાળબ્રહ્મચારી થયા. તેમણે નમસ્કાર મહાશ્રુતસ્કંધમાં ધર્યો. ઈત્યાદિક એમનાં અનેક વૃત્તાંત છે.

બારવર્ષી દુકાળમાં એમણે પાંચસે સાધુ સાથ અણસણ કર્યું, અને શાસન રક્ષા માટે એક સાધુને સુભિક્ષ થવાનો હતો ત્યાં આકાશમાર્ગે મોકલ્યો. એઓનું ગોત્રગૌતમ હતું. તેમના પિતાનું નામ ધનગિરિ અને માતાનું નામ સુનંદા હતું, તેઓ તુંબવન ગામમાં શ્રી વીરાત્ ૪૯૬ અને વિ. સં. ૨૬ માં જન્મ્યા હતા. ૮ વર્ષ બાલ્યાવસ્થા, ૪૪ વર્ષ વ્રતપર્યાય, ૩૬ વર્ષ યુગપ્રધાન પદી, કુલ ૮૮ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રીવીરાત્ ૫૮૪ માં વિક્રમ સં. ૧૪૪ માં સ્વર્ગે ગયા. દશ પૂર્વનું જ્ઞાન તથા અર્ધ નારાચસંઘયણ એ બે એમની પછી વિચ્છેદ ગયાં. વિશેષ હકીકત એમના ચરિત્રથી જાણી લેવી. શ્રીવીરાત્ ૫૨૫ વર્ષે શત્રુંજયનો ઉચ્છેદ થયો, ત્યાર પછી વિ. સં. ૧૦૦ માં જાવડશાહે શત્રુંજયનો ઉદ્ધાર કર્યો. તેની પ્રતિષ્ઠા વજ્રસ્વામીના વિદ્યમાનપણામાં થઇ.

यतः—देवो गौतमबोधितोऽहमिति यो स्मार्षीज्जनुर्वासरे,
बुध्या तातमगाच्च यः श्रुतमपि मायः श्रुतं योऽग्रहीत् ॥
सत्त्वाक्षिप्तसुराप्तलब्धिकलितो यः संघवात्सल्यकृ—
त्तं श्रीवज्रगुरुं महोन्नतिकरं वंदे सुशाखातरुं ॥ १ ॥

આર્યસુહસ્તિ અને વજ્રસ્વામી વચ્ચે બીજી પટ્ટાવલીઓમાં ૧ શ્રીગુણસુંદરસૂરિ. ૨ શ્રી કાલિકાચાર્ય. ૩ સ્કંદિલાચાર્ય ૪ શ્રી રેવતીમિત્રસૂરિ. ૫ શ્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મસૂરિ. ૬ શ્રી ભદ્રગુપ્તાચાર્ય. ૭ શ્રી ગુપ્તાચાર્ય એ સાત અનુક્રમે યુગપ્રધાન થયા છે. એમ લખેલ છે.

વીરાત્ ૫૩૩ વર્ષે આર્યરક્ષિતસૂરિએ બધા શાસ્ત્રોમાંથી અનુયોગ જુદો પાડી જુદું અનુયોગદ્વાર સૂત્ર લખ્યું છે. શ્રી વીરાત્ ૫૪૮ માં ત્રૈરાશિક મતવાળા રોહગુપ્તને જીતનાર શ્રી ગુપ્તસૂરિ થયા. રોહગુપ્તના શિષ્ય કણાદમુનિએ વૈશેષિક મત ચલાવ્યો.

## (૧૬) શ્રી વજ્રસેનસૂરિ.

શ્રી વજ્રસ્વામીની પાટે શ્રી વજ્રસેનસૂરિ થયા. શ્રી વજ્રસ્વામીએ આકાશમાર્ગે જે શિષ્યને ઉડાવી સોપાર પત્તનમાં મોકલેલ તે વજ્રસેનસૂરિ ત્યાં જિનદત્તશેઠના ઘેર ભીક્ષા લેવા ગયા. ત્યાં તે શેઠની ઇશ્વરી નામની ભાર્યા લાખ રૂપીયાના ખર્ચે એક હાંડી ધાન્યની રાંધી તેમાં ઝેર મૂકતી હતી. કારણકે અન્ન ન મળવાથી તેમણે મરવા ઠરાવ કર્યો. વજ્રસેન મુનિએ કહ્યું કે તમે ઝેર મા ખાઓ, કાલે સુકાલ થશે, એમ અમારા ગુરૂએ પ્રકાશ કરેલ છે. આમ આચાર્યના કહેવાથી વિષમિશ્રિત ભોજન જમીનમાં દાટી દીધું, અને બીજે દિવસે તેજ પ્રમાણે એકદમ જુગંધરી ભરેલા વાહાણ સમુદ્રમાર્ગે આવ્યાં, સુકાલ થયો તેથી સર્વ કુટુંબનો બચાવ થતાં શેઠના ૧ નાગેંદ્ર, ૨ ચંદ્ર, ૩ નિર્વૃત્તિ ૪ વિદ્યાધર નામના ચારે પુત્રોએ દીક્ષા લીધી. તેમનાથી તેમના નામે ચાર કુળ ચાલ્યાં. અનુક્રમે તેમને આચાર્યપદે સ્થાપ્યા. ક્વચિત્ પટ્ટાવલીમાં આ બીના અધિક છે—(વજ્રસેનસૂરિ ૯ વર્ષ ગૃહસ્થપણે, ૧૧૬ વર્ષ સાધુ પણે, અને ૩ વર્ષ યુગપ્રધાન પદે રહી ૧૨૮ વર્ષનું સર્વાયુ ભોગવી) શ્રીવીરાત્ ૬૨૦ વર્ષે પોતાની પાટપર શ્રી ચંદ્રસૂરિને સ્થાપી સ્વર્ગે ગયા. તે સમયમાં જાવડશાહે ગીરનાર ઉપર ઉદ્ધાર કર્યો.

**યતઃ—तच्छिष्यं वज्रसेनाहं, वंदे यस्मादजायत ॥**
**चंद्रानिर्वृत्तिनागेंद्र,-विद्याधरकुलक्रमः ॥ १ ॥**

એમના સમયમાં એટલે શ્રી વીરાત્ ૬૦૫ વર્ષે દક્ષિણમાં શાલિવાહને શક ચલાવ્યો. વજ્રસ્વામી અને વજ્રસેનની વચ્ચે આર્યરક્ષિતસૂરિ તથા દુબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લિકા પુષ્પમિત્ર નામે બે યુગપ્રધાન થયા. શ્રી વીરાત્ ૫૯૫ વર્ષે કોરંટનગર તથા સાચોરમાં નાહડમંત્રિએ જજ્જકસૂરિપાસે શ્રીવીરપ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી. શ્રીવીરાત્ ૬૦૯ વર્ષે આર્યકૃષ્ણસૂરિના શિષ્ય શીવભૂતિએ રથવીર-પુરમાં દીગમ્બર મત ચલાવ્યો. શ્રીવીરાત્ ૬૧૧ વર્ષે તાપસ સાધુઓથી " બ્રહ્મદીપીકા શાખા " કહેવાણી અને તેમાંથી બ્રહ્માણી ગચ્છ નિકળ્યો.

## (૧૭) શ્રી ચંદ્રસૂરિ. ( ચંદ્રગચ્છ—ચંદ્રકુલ. )

શ્રીવજ્રસેનસૂરિની પાટે શ્રીચંદ્રસૂરિ થયા. આ આચાર્યથી ચંદ્રકુલ તથા ચંદ્રગચ્છ ચાલ્યો. વર્તમાનકાલે જેટલા વિદ્યમાન ગચ્છોછે—એટલે નાગપુરીય-તપા, તપા, અંચળ, ખરતર. પુનમીયા, આગમીયા, સાર્ધપુનમીયા વિગેરે સર્વે ચંદ્રકુલમાં ભળે છે. જગતમાં તે ગચ્છ બહોળા વિસ્તારને પામ્યો. તેઓ ગૃહસ્થાવાસમાં ૩૭ વર્ષ રહી, સામાન્ય સાધુપણે ૨૩ વર્ષ સુધી રહી, અને આચાર્યપદે ૭ વર્ષ રહી કુલ ૬૭ વર્ષનું સર્વાયુ ભોગવી શ્રીવીરાત્ ૬૨૭ વર્ષે સ્વર્ગે ગયા.

## (૧૮) શ્રી સામંતભદ્રસૂરિ. (વનવાસી ગચ્છ.)

શ્રીચંદ્રસૂરિની પાટે શ્રીસામંતભદ્રસૂરિ થયા. આ આચાર્ય પુર્વગત શ્રુત ના વેત્તા હતા. તથા અત્યંત વૈરાગ્યવંત હોવાથી વનમાં રહેતા. તેથી એમ-નાથી ચોથું નામ વનવાસી ગચ્છ કહેવાણું. તેઓને " નિર્ગ્રંથ ચૂડામણિ " એવું બિરૂદ મલ્યું હતું. તેઓ શ્રીવીરાત્ ૬૭૦ વર્ષે સ્વર્ગે ગયા.

यतः—पूर्वं पूर्वदिशिप्रसिद्धमहिमा निर्ग्रंथचूडामणिः,
किंचित्पूर्वगतश्रुतः प्रमुरभूत्सामंतभद्राभिधः ॥
कान्तारद्रुमभीमकेशवसूरी प्रासादबद्धाश्रयः,
श्रीमच्चंद्रकुलोद्भवः सुविहितस्त्वित्युर्वराभूधरः ॥१॥

## [૧૯] શ્રીવૃદ્ધદેવસૂરિ.

શ્રીસામંતભદ્રસૂરિની પાટે શ્રી વૃદ્ધદેવસૂરિ થયા, તેઓએ કોરંટકનગરના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાહડમંત્રિને પ્રતિબોધી જૈની કર્યો. અને તેણે કરાવેલ ચૈત્યમાં પ્રતિષ્ઠા કરી. કવચિત્ પટ્ટાવલીમાં શ્રીવીરાત્ ૬૯૯ વર્ષે ૮૪ શિષ્યને વડ તળે આચાર્ય પદે સ્થાપ્યા. તે આચાર્યો જે જે ગામમાં રહ્યા તે તે ગામના નામે ગચ્છનાં નામો થયા એ પ્રમાણે છે.

यतः—शते सपादे शरदामतीते, श्रीविक्रमार्कात्किलदेवसूरिः ॥
कोरंटके नाहडमंत्रिचैत्ये, शंकुप्रतिष्ठा प्रथितस्ततोऽभूत् ॥१॥

## [૨૦] શ્રી પ્રદ્યોતનસૂરિ.

શ્રીવૃદ્ધદેવસૂરિની પાટે શ્રી પ્રદ્યોતનસૂરિ થયા.

## [૨૧] શ્રીમાનદેવસૂરિ.

શ્રી પ્રદ્યોતનસૂરિની પાટે શ્રીમાનદેવસૂરિ થયા. એમને સૂરિપદ સ્થાપવાના અવસરે ગુરૂએ એમના ખભાપર સરસ્વતી તથા લક્ષ્મીને સાક્ષાત જોઇને વિચારમાં પડયા કે એ દીક્ષા છોડી દેશે. જે પરથી માનદેવસૂરિએ ગુરૂપાસે એવી પ્રતિજ્ઞા લીધી કે ભક્તિવાળા ઘરની ભીક્ષા ન લેવી. તથા દૂધ, દહીં, ઘી, તેલ, મીઠું તથા પક્વાન પણ ન લેવાં. આવા ઉગ્રતપથી તેમને જયા, વિજયા, પદ્મા, તથા અપરાજિતા એમ ચાર દેવીઓ વશ થયેલી હતી એમ કહેવાય છે. એમના વખતમાં અફઘાનિસ્તાનમાં આવેલ ગીઝની અથવા તક્ષશિલા નામની નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતા. ત્યાં મરકીનો ઉપદ્રવ થતાં તેની શાન્તિના કાજે માનદેવસૂરિએ નાડોલ નગરથી લઘુશાન્તિ બનાવી મોકલી હતી.

यतः—प्रद्योतनो मुनिवृषोजनि तस्य पट्टे,
तस्मादभूदथ जयी गुरुमानदेवः ॥
पद्मा जया च विजया ह्यपराजिता च,
यस्यानताः सुमुनिपंचशताधिपस्य ॥ १ ॥
नाडूलनाम नगरे कृतमेघकालैः

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

साकंभरी पुरसमागतसंघवाचा ॥
शान्तिस्तवप्रबलमारि भयापहारि,
येनिर्ममे सुविहितक्रममार्गदीपैः ॥ २ ॥

## (૨૨) શ્રી માનતુંગસૂરિ.

શ્રીમાનદેવસૂરિની પાટે શ્રીમાનતુંગસૂરિ થયા. એમણે ભક્તામરસ્તોત્ર કરી બાણ અને મયૂરની વિદ્યાથી ચમત્કાર પામેલા વૃદ્ધભોજ રાજાને પ્રતિબોધ્યો. તથા આઠ ભયને હરનાર સ્તોત્ર નમિઉંણ કર્યું, તથા ભત્તિભર આદિ સ્તવનો કર્યાં છે.

यतः—जज्ञे ततः प्रकटदैवतचोष्टितांगः,
श्रीमानतुंग इति सूरिघटा किरीटः ॥
भक्तामरं भयहरं च विधाय येन,
नम्रीकृतः क्षितिपति र्भुजगाधिपश्च ॥ १ ॥

## (૨૩) શ્રી વીરસૂરિ.

શ્રીમાનતુંગસૂરિની પાટે શ્રીવીરસૂરિ થયા. શ્રીવીરસૂરિએ શ્રીવીરાત્ ૭૭૦ વર્ષે નાગોરમાં નમિનાથની પ્રતિષ્ઠા કરી.

यतः—नागपुरे नमिभवनं, प्रतिष्ठयामहितपाणिसौभाग्यः ॥
अभवद्वीराचार्य, स्त्रिभिः शतैः साधिकै राज्ञः ॥ १ ॥

તથા તેઓએ સાચોરમાં શ્રીવીરપ્રભુની સ્થાપના કરાવી. તેઓ શ્રીવીરાત્ ૮૦૨ વર્ષે સ્વર્ગે ગયા.

## (૨૪) શ્રી જયદેવસૂરિ.

શ્રી વીરસૂરિની પાટે શ્રી જયદેવસૂરિ થયા. તેઓ વિક્રમાત્ ૩૫૦ વર્ષે એટલે શ્રી વીરાત્ ૮૨૦ વર્ષે સ્વર્ગે ગયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૨૫) શ્રી દેવાનંદસૂરિ.

શ્રી જયદેવસૂરિની પાટે શ્રી દેવાનંદસૂરિ થયા. એમના સમયમાં શ્રીવીરાત્ ૮૪૫ વર્ષે વલ્લભીનગરનો ભંગ થયો; (ક્વચિત્ શ્રી વીરાત ૯૦૪ માં ગાંધર્વ આદિ વેતાલે ઉપદ્રવ કર્યો. તે વખતે વલ્લભીનો ભંગ થયો. અને શાન્તિસૂરિએ શ્રી સંઘની રક્ષા કરી). શ્રી વીરાત્ ૮૮૨ અને વિક્રમાત્ ૪૧૨ વર્ષે ચૈત્યવાસી થયા. કવચિત્ પટ્ટાવલીમાં શ્રી વીરાત્ ૮૮૬ અને વિક્રમાત્ ૪૧૬ વર્ષે બ્રહ્મદીપીકા શાખા નીકળી એમ છે.

## (૨૬) શ્રી વિક્રમસૂરિ.

શ્રી દેવાનંદસૂરિની પાટે શ્રી વિક્રમસૂરિ થયા. શ્રી વીરાત્ ૯૪૭ અને વિક્રમાત્ ૫૭૭ માં નિવૃત્તિકુલમાં રાજ્ય ચૈત્યગચ્છના ધનેશ્વરસૂરિએ શત્રુંજય મહાત્મ્ય સંક્ષેપી શિલાદિત્ય રાજાને સંભળાવ્યું. શ્રી વીરાત્ ૯૮૦ અને વિક્રમાત્ ૫૧૦ વર્ષે વલ્લભીપરિષદ્‌માં લોહિત્યગણિના શિષ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ છેલ્લા પુર્વધર એમને દૂષગણિ શિષ્ય દેવવાચક પણ કહેવાય છે, તેમણે સિદ્ધાન્તો લખ્યા. શ્રી વીરાત્ ૯૯૩ અને વિક્રમાત્ ૫૨૩ વર્ષે ભાવડગચ્છે કાલિકાચાર્ય થયા. તેમણે રાજાના આદેશથી કારણે ચોથનાં પર્યુસણ કર્યાં. આ ત્રીજા કાલિકાચાર્ય જાણવા. શ્રી વીરાત્ ૯૯૪ ના વૈશાખ સુદ ૪ રોહિણિ નક્ષત્રે કાલિકાચાર્ય સ્વર્ગેગયા. એ પ્રમાણે ભાવડગચ્છીય પટ્ટાવલીમાં જોઈ લખેલ છે એમ એક પટ્ટાવલીમાં છે. શ્રી વીરાત્ ૧૦૦૦ વર્ષે સત્યમિત્રાચાર્ય સાંથ પૂર્વવિચ્છેદ થયા. વજ્રસેન અને સત્યમિત્રની વચ્ચે શ્રી નાગહસ્તિ, રેવતીમિત્ર, બ્રહ્મદ્વીપ, નાગાર્જુન, ભૂતદિન્ન વિગેરે યુગપ્રધાન થયા.

## (૨૭) શ્રી નરસિંહસૂરિ.

શ્રી વિક્રમસૂરિની પાટે શ્રી નરસિંહસૂરિ થયા. શ્રી વીરાત્ ૧૦૦૫ વર્ષે નરસિંહનગરમાં યક્ષને પ્રતિબોધ આપી માંસવાંચ્છાથી વિમુખ કર્યો.

**यतः—नरसिंहसूरिरासी,–दतोऽखिलग्रंथपारगो येन ॥**
**यक्षो नरसिंहपुरे, मांसरतिं त्याजितः स्वगिरा ॥ १ ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે વખતે એટલે શ્રી વીરાત્ ૧૦૦૮ વર્ષે પોશાળીયા થયા.

## [૨૮] શ્રી સમુદ્રસૂરિ. (સીસોદીયાવંશી)

શ્રી નરસિંહસૂરિની પાટે શ્રી સમુદ્રસૂરિ થયા. સીસોદીયાવંશી ક્ષત્રિય, અણહિલ્લપુર પત્તનમાં આચાર્યપદ પામ્યા અને દીગમ્બરને જીત્યા. ક્વચિત્. (ચામુંડાદેવીને હિંસાથી નીવારી અને આબુ ઉપર પ્રૌઢ ચૈત્ય કરાવ્યું.)

यतः--खोमाणराजकुलजोऽपिसमुद्रसूरि-
गंच्छं शशास किल यः प्रवणः प्रमाणी ॥
जित्वा तदाक्षपनकान्स्ववशं वितेने,
नागहृदे भुजगनाथ नमस्य (?) तीर्थे ॥ १ ॥

## (૨૯) શ્રી માનદેવસૂરિ (બીજા)

"विद्यासमुद्रहरिभद्रमुनीन्द्रमित्रं, सूरिर्बभूव पुनरेव हि मानदेवः ॥
मांद्यात्प्रयातमपि योनघसूरिमंत्रं,लेभेऽम्बिकामुखगिरा तपसोज्जयंते ॥१॥

શ્રી સમુદ્રસૂરિની પાટે શ્રી માનદેવસૂરિ થયા. પોતાના શરીરની અસમાધિને લીધે ચિત્તથી શ્રી સૂરિમંત્ર ભૂલી ગયા. ત્યારબાદ કેટલેક દિવસે શ્રી સૂરિને આરામ થયો ત્યારે તેઓ ગિરનારપર આવ્યા. ત્યાં બે મહિનાના ચોવિહાર ઉપવાસ કર્યા. તેથી અંબિકાદેવી પ્રસન્ન થઇને બોલી કે આટલી તપસ્યા શા માટે કરો છો. ત્યારે સૂરિએ કહ્યું કે મારા શરીરમાં અસમાધિ થવાથી સૂરિમંત્ર ભૂલી ગયો છું ત્યારે અંબિકાએ વિજયાદેવીને પૂછીને ફરીથી આચાર્ય મહારાજને સૂરિમંત્ર યાદ કરાવ્યો. આ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિના મિત્ર હતા. માટે એમનો વિજયકાલ શ્રી વીરાત્ ૧૧ મી સદી ગણી શકાય.

શ્રી વીરાત ૧૦૫૫ વર્ષે યાકિની મહત્તરા સુત (ધર્મપુત્ર) શ્રીહરિભદ્રસૂરિ સ્વર્ગે ગયા. તેમણે ૧૪૪૪ ગ્રંથ કર્યા છે. વલિ શ્રીહરિભદ્રસૂરિના ભાણેજ શ્રી સિદ્ધર્ષિ થયા. તેમણે ઉપમિતિભવ પ્રપંચકથા, શ્રી ચંદ્રકેવલિચરિત્ર, શ્રી વિજયચંદ્રકેવલિ ચરિત્ર વિગેરે ગ્રંથો કર્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૩૦) શ્રી વિબુધપ્રભસૂરિ.

શ્રીમાન દેવસૂરિની પાટે શ્રી વિબુધપ્રભસૂરિ થયા. તેઓ શ્રી વીરાત્ ૧૦૯૦ માં વિધમાન હતા. તે સમયમાં શ્રી ઉમાસ્વાતી આચાર્ય થયા. એમણે શ્રાવક પ્રજ્ઞપ્તિઆદિ ગ્રંથો કર્યા છે. હરિભદ્રસૂરિએ જે ગ્રંથની વૃત્તિ કરી તે ગ્રંથકર્તા ઉમાસ્વાતિ બીજા સમજવા તથા મલ્લવાદિસૂરિએ સમત્તિ વૃત્તિ કરી છે.

## [૩૧] શ્રી જયાનંદસૂરિ.

विबुधप्रभसूरिरतः, सिंहासनभूषणं जयानंदः ॥
समजायत गुरुराजः, संबोधितबहुजनसमाजः ॥ १ ॥

શ્રી વિબુધપ્રભસૂરિની પાટે શ્રી જયાનંદસૂરિ થયા. તેમના ઉપદેશથી શ્રી સંપ્રતિરાજાનાં કરાવેલાં ૯૦૦ જિનાલયોનો જિર્ણોદ્ધાર પ્રાગવટ મંત્રિએ કરાવ્યો. શ્રી વીરાત્ ૧૧૧૫ વર્ષે શ્રી જિનભદ્ર ગણી ક્ષમાશ્રમણ ૧૦૪ વર્ષનુ આયુ ભોગવી સ્વર્ગે ગયા. એમણે સૂત્રોપર ભાષ્યો કર્યા છે ભાષ્યકારની પછી થોડો વખત વીત્યાબાદ જિનદાસ મહત્તરાચાર્યે ચૂર્ણિઓ કરી, તથા સંઘદાસ આચાર્યે પંચકલ્પસૂત્ર અને વસુદેવહિંડી લખી.

## (૩૨) શ્રી રવિપ્રભસૂરિ.

नड्डुलपूरे नेमे-र्मुख्यायतनं प्रतिष्ठितं येन ।
सश्रीरविप्रभविभुर्बभूव भूपार्च्छितैर्मुनिभिः ॥ १ ॥

શ્રી જયાનંદસૂરિની પાટે શ્રી રવિપ્રભસૂરિ થયા. એમણે શ્રી વીરાત્ ૧૧૬૦ માં નાંડોલનગરમાં મુખ્ય જિનાલયમાં શ્રી નેમિનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરી. શ્રી આચારાંગ ટીકાકાર શ્રી સીલાચાર્ય પણ આ વખતમાં થયા છે. કત્રચિત્ શ્રી વીરાત્ ૧૧૯૦ વર્ષે ઉમાસ્વાતિ નામે આચાર્ય થયા. અગાઉ દશમા પાટના પેટામાં પણ ઉમાસ્વાતિનું નામ છે, એથી જણાય છે કે ઉમાસ્વાતિ બે થયા છે, એમ લખેલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૩૩) શ્રી યશોદેવસૂરિ (સાહિત્ય પયોનિધિ)

શ્રી રવિપ્રભસૂરિની પાટે શ્રી યશોદેવસૂરિ થયા. જાતે નાગર બ્રાહ્મણ હતા. તેમને તક્ષશિલા નગરીમાં શ્રી વીરાત્ ૧૧૯૦ વર્ષે કે ક્વચિત્ ૧૧૯૨ વર્ષે "સાહિત્યપયોનિધિ" એ નામનું બિરૂદ મળ્યું હતું. તેમ ક્વચિત્ "અવંજણ" એવું બિરૂદ મળેલું હતું એમ પણ પાઠ છે.

યતઃ–નાગરવાડવકુલજઃ, સાહિત્યપયોનિધિર્યશોદેવઃ ॥
अजनीति बिरुदाविदितो,–ऽजनि जनितजगज्जनानंदः ॥ १ ॥

## (૩૪) શ્રી પ્રદ્યુમ્નસૂરિ.

શ્રી યશોદેવસૂરિની પાટે શ્રી પ્રદ્યુમ્નસૂરિ થયા. તે "ભૂવલય ભૂષણ" ગણાતા હતા તે આચાર્યના ઉપદેશથી પૂર્વમાં ૧૭ જિનાલયો નવાં થયાં. તેમજ ૧૧ જ્ઞાનભંડારો લખાયા આ આચાર્યના સમયમાં એટલે શ્રી વીરાત્ ૧૨૭૦, અને વિ. સં. ૮૦૦ ના ભાદરવા શુદ ૩ દિને શ્રી બપ્પભટ્ટિસૂરિ જન્મ્યા. બપ્પભટ્ટસૂરિએ ગ્વાલિઅરના આમરાજાને પ્રતિબોધ્યો. શ્રી વીરાત્ ૧૨૭૨ અને વિક્રમાત્ ૮૦૨ માં વનરાજ ચાવડાએ અણહિલ્લપુરપાટણ વસાવ્યું. વનરાજ જૈની હતો. તેમજ વિક્રમની નવમી સદીમાં કુમારિલભટ્ટ તથા શંકરાચાર્ય થયા. તેમણે બૌદ્ધધર્મનો હિંદુસ્તાનમાંથી નાશ કર્યો.

## (૩૫) શ્રીમાનદેવસૂરિ (ત્રીજા)

श्रीप्रद्युम्नमुनीन्द्रो बभूव भूवलयभूषणं तस्मात् ॥
उपधानविधिर्विधाता, भूयोपि हि मानदेवगुरुः ॥ १ ॥

શ્રી પ્રદ્યુમ્નસૂરિની પાટે શ્રી માનદેવસૂરિ થયા. એમણે ઉપધાનવિધિ ઉદ્ધરી. શ્રી વીરાત્ ૧૩૬૫ વર્ષે આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટિસૂરિ સ્વર્ગે ગયા. આ આચાર્ય સૂર્યોદયે ૭૦૦ ગાથાઓ મુખપાઠે નવી તૈયાર કરતા હતા. વિક્રમ સંવત્ ૮૪૧ થી ૮૪૫ સુધી પંચદુકાલી પડી. તે સમયે ઘણા સાધુઓ શિથિલ થઇ ગયા. શ્રી ગંભૂતિ, શ્રી ગોવિંદ, નરસી ક્ષેમર્ષિ, મહા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધારીગચ્છે શ્રી હર્ષતિલક, હર્ષપુરીયગચ્છે શ્રી વર્ધ્ધર્ષિ વિગેરે ગીતાર્થોએ મળીને સિદ્ધાન્તના ભંડારો કરાવ્યા. એજ સમયમાં મહાપ્રભાવિક યશોભદ્રસૂરિ સાંડેર ગચ્છમાં થયા.

## (૩૬) શ્રી વિમલચંદ્રસૂરિ.

શ્રી માનદેવસૂરિની પાટે શ્રી વિમલચંદ્રસૂરિ થયા, જેને શ્રીપદ્માવતીની સહાયથી ચિત્રકૂટપર્વતે સુવર્ણ સિદ્ધિની પ્રાપ્તિ થઈ. ચિત્તોડમાં વાદ જીત્યા હતા.

યતઃ—તદનુવિમલચંદ્રः सूरिरासीद्गणेशः
कलितकनकसिद्धिश्चित्रकूटे प्रसिद्धः ॥
विजितविषमवादं गोप्यशैलस्यनाथः,
सगुणजनविधिज्ञो पूजयग्रं यतीशं ॥ १ ॥

## (૩૭) શ્રી ઉદ્યોતનસૂરિ. (વડગચ્છ.)

શ્રી વિમલચંદ્રસૂરિની પાટે શ્રી ઉદ્યોતનસૂરિ થયા. આ આચાર્યશ્રી જ્યોતિષના પારગામી હતા.

यतः—ज्योतिः शास्त्राधारः, कंदर्पमहेभकेशरिकिशोरः ॥
उद्योतनसूरिरभूत्, साधुशतत्रयपरीवारः ॥ १ ॥
चतुर्नवत्यन्वितनंदसंख्यैः, शतैरतीतैरथ विक्रमार्कात् ॥
पूर्वावनेः संघयुतोऽर्बुदाधो,ग्रामं स चागात्किल टेलिकाख्यां ॥२॥
ततः सपद्मास्थ वृहद्वटाधो, लग्ने शुभे स्थापयदष्ट सूरीन् ॥
तेषां गणस्येह तदादिरासी—त्क्षितौ वृहद्गच्छ इति प्रसिद्धिः ॥३॥

આ આચાર્ય કામદેવરૂપી હાથીને જીતવાને કેશરિસમાન હતા. ત્રણસો સાધુના પરિવારથી આબુગિરિ પર ચઢતાં વડની છાયામાં બેસી શુભમુહૂર્તે શ્રી વીરાત્ ૧૪૬૪ વર્ષે પોતાના સર્વદેવ પ્રમુખ શિષ્યોને આચાર્ય પદ આપ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહિંથી ગચ્છનું નામ "વડગચ્છ" એવું પાંચમું નામ થયું (કોઈક વડ શબ્દનો અર્થ વૃદ્ધ પણ કરે છે.)

ક્વચિત્ પટ્ટાવલીમાં શ્રી ઉદ્યોતનસૂરિએ વિક્રમ સં ૯૯૪ વર્ષે આબુના પૂર્વભાગમાં ટેલીકાગામની સમીપમાં શ્રી સંઘસહિત શુભલગ્નમાં આઠ શિષ્યોને સૂરિપદે સ્થાપ્યા, તેમાં મુખ્યપણે સર્વદેવને સ્થાપ્યા. ત્યાંથી વડગચ્છની પ્રસિદ્ધિ થઈ એમ પણ લખેલ છે.

## [૩૮] શ્રી સર્વદેવસૂરિ.

શ્રી ઉદ્યોતનસૂરિની પાટે શ્રી સર્વદેવસૂરિ થયા. વિ. સં. ૧૦૧૦ માં રામસૈન્યપુરમાં રૂષભદેવ તથા ચંદ્રપ્રભુના ચૈત્યની પ્રતિષ્ઠા કરી. તથા ચંદ્રાવતીમાં કુંકુંણમિત્રને પ્રતિબોધીને દીક્ષા આપી, (અહીંથી અંચળગચ્છની પાટ જુદી પડે છે.) વિ. સં. ૧૦૨૯ માં ધનપાલ કવિએ રૂષભ પંચાશિકા તથા દેશી નામમાલા બનાવી. વિ. સં. ૧૦૮૧ માં મહમદ ગીઝનીએ સોમનાથ લૂટ્યું. વિક્રમ સં. ૧૦૮૪ માં જિનેંદ્રસૂરિએ દુર્લભરાજસભામાં "ખરતર" એવો બિરૂદ મેળવ્યો. વિક્રમ સં. ૧૦૯૬ માં ઉત્તરાધ્યન ટીકાકાર થીરાપદ્રીય ગચ્છવાળા વાદિવેતાલ શાન્તિસૂરિ થયા. (મુસલમાની ધર્મસ્થાપનાર મહમદ સંવત ૧૦૯૭ માં મક્કામાં જન્મ્યો હતો.) વિ. સં. ૧૧૩૦ માં નાગેંદ્રગચ્છમાં શ્રી દેવેંદ્રસૂરિ થયા, જેમણે એક રાત્રિમાં વ્યંતરોવડે સેરીસાનગરમાં ચૈત્ય કરાવ્યું હતું.

**यतः—तेस्वाद्यः सर्वदेवोऽभूद्—रामसैन्यपुरेऽन्यदा ॥**
**द्विग् २ वर्षेकृता येन, प्रतिष्ठायां प्रभावना ॥ १ ॥**

ક્વચિત્ પટ્ટાવલીમાં (વિક્રમ સં. ૧૦૨૮ માં આચારાંગસૂત્ર તથા સુયગડાંસૂત્રની ટીકા કરનાર શ્રી સીલાચાર્ય પ્રગટ થયા. વળી તેજ સમયમાં નિર્વૃતિ ગચ્છે અનેક ગ્રંથો કરનાર શ્રી દ્રોણાચાર્ય પ્રગટ થયા. માલવદેશમાં ઉજ્જેણીનગરીમાં લઘુભોજરાજાનું રાજ્ય હતું. તેના પુત્રે વિ. સં. ૧૦૭૭માં સિંચાણગઢ વસાવ્યું. તે સમયમાં "વાદિવેતાલ" બિરૂદધારક અને ચોડાગુરૂક્ષત્રિય પ્રતિબોધક શ્રી શાન્તિસૂરિ પ્રગટ થયા.) આ બિના અધિક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૩૯) શ્રી રૂપદેવસૂરિ.

શ્રી સર્વદેવસૂરિની પાટે શ્રી રૂપદેવસૂરિ થયા. તેમનું મૂળ નામ દેવસૂરિ હતું. પણ તેમણે આબુના રાજાને પ્રતિબોધ આપ્યો તેથી તેણે એમને "શ્રીરૂપ" એવું બિરૂદ આપ્યું. કે જેથી તેઓ શ્રી રૂપદેવસૂરિ કહેવાયા. એમના વખતે શાખાચાર્ય ઉદયપ્રભસૂરિ પોરવાડના દશ ગોત્ર તથા શ્રીમાલના ૬૨ ગોત્રને પ્રતિબોધ આપી શ્રાવક બનાવ્યા. એમના શિષ્ય પ્રભાનંદસૂરિથી નાણકગચ્છ ચાલ્યો, તેમાંથી અંચળગચ્છ થયો છે.

यतः—तस्मान्निरुपमरूपो, बभूव भूयोऽपि देवसूरिगुरुः ॥
रूपश्रीरिति यस्मै, विरुदमदादर्बुदाधिपतिः ॥ १ ॥

## (૪૦) શ્રી સર્વદેવસૂરિ. (બીજા).

શ્રી રૂપદેવસૂરિની પાટે શ્રી સર્વદેવસૂરિ થયા. એમણે શ્રી યશોભદ્ર તથા નેમીચંદ્રાદિક આઠ શિષ્યોને આચાર્ય પદ્વી આપી.

## (૪૧) શ્રી યશોભદ્રસૂરિ.

શ્રી સર્વદેવસૂરિની પાટે શ્રી યશોભદ્રસૂરિ થયા. અહિંથી ખરતરગચ્છની પાટ જુદી પડે છે.

## (૪૨) શ્રી નેમિચંદ્રસૂરિ.

શ્રી યશોભદ્રસૂરિની પાટે શ્રી નેમિચંદ્રસૂરિ થયા. અને તે તેમના ગુરૂ બાંધવ હતા. આ આચાર્યે પ્રવચનસારોદ્ધાર નામનો ગ્રંથ કર્યો છે. પોતાના ગુરૂભાઈ શ્રી વિનયચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય ઉગ્રવૈરાગી મુનિચંદ્રને સૂરિપદ આપી, પોતાના પટ્ટઉપર સ્થાપ્યા. વિ. સંવત ૧૧૩૫ માં નવાંગી ટીકાકાર ચંદ્રગચ્છીય શ્રી અભયદેવસૂરિ સ્વર્ગે ગયા, તેમની પાટે શ્રી જિનવલ્લભસૂરિ થયા. એમણે ચિત્રકુટ (ચિતોડ)માં મહાવીરસ્વામીના ૬ કલ્યાણક પ્રરૂપ્યા. ચૈત્યવાસીઓને ખંડન કરવા 'સંઘપટ્ટક' નામનો ગ્રંથ રચ્યો છે. (એમણે ૧૨૪બોલે કરી ખરતરગચ્છની સમાચારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થાપી એમ બ્રહ્મર્ષિ સુધર્માગચ્છ ચર્ચામાં લખે છે). તેમના શિષ્ય જિનદત્ત-સૂરિ થયા તે પણ મહાપ્રભાવિક થયા હતા.

## (૪૩) શ્રીમુનિચંદ્રસૂરિ.

શ્રીનેમિચંદ્રસૂરિની પાટે શ્રીમુનિચંદ્રસૂરિ થયા. આ આચાર્ય વિ. સં. ૧૧૨૭ માં વિદ્યમાન હતા. એમણે જાવજ્જીવ ફક્ત એક સોવીર પાણી પીવું રાખી સર્વ વિગયનો ત્યાગ કર્યો હતો. એમણે હરિભદ્રસૂરિના ઘણા ગ્રંથોની ટીકાઓ કરી છે, જેથી એમને "તાર્કિક શિરોમણિ" એવું બિરૂદ મળ્યું હતું.

यतः—गुरुबंधुविनयचंद्रा,—ध्यापकशिष्यं नेमिचंद्रगुरुः ॥
यं गणनायकमकार्षी,—त्स जयति मुनिचंद्रसूरिगुरुः ॥ १ ॥
आरनालपरिवर्जितनीरं, सर्वथापि सकलाविकृतीश्चः ॥
योऽत्यजत्स मुनिचंद्रमुनीन्द्रः, कस्य कस्य न बुधस्य नमस्य ॥२॥

એમના ધુરંધર બે શિષ્ય થયા; શ્રીવાદિદેવસૂરિ તથા અજિતપ્રભસૂરિ પોતાના પટ્ટપર શ્રીવાદિદેવસૂરિને સ્થાપી તેઓ વિક્રમ સં. ૧૧૭૮ માં સ્વર્ગવાસ પામ્યા હતા.

यतः—अष्ट हयेशमितेऽब्दे, विक्रमकालाद्दिवं गतो भगवान् ॥
श्रीमुनिचंद्रमुनीन्द्रो,ददातु भद्राणि संघाय ॥ १ ॥

વિક્રમ સંવત ૧૧૫૨ માં જયસિંહદેવે સિદ્ધપુર વસાવ્યું. અને ત્યારબાદ ત્યાં અગ્યાર માળવાળું રૂદ્રાલય સ્થાપ્યું. આ આચાર્યના વખતમાં વિ. સં. ૧૧૫૯ માં ચંદ્રપ્રભાચાર્યે પૌર્ણિકગચ્છ ચલાવ્યો. ચંદ્રપ્રભસૂરિને સમજાવવા શ્રી મુનિચંદ્રસૂરિએ "પાક્ષિક સપ્તતિ ટીકા" નામે ગ્રંથ રચ્યો છે. તથા અંગુલિસત્તરી ગ્રંથ પણ એમણે કરેલ છે. ક્વચિત્ પટ્ટાવલીમાં વિ. સં. ૧૧૬૯ વર્ષે શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાય ઉર્ફે આર્યરક્ષિતસૂરિએ અંચળગચ્છ સ્થાપ્યો એમ લખેલ છે. અહીંથી તપાનીપાટ પણ જુદી પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૪૪) શ્રીવાદિદેવસૂરિ. [ નાગપુરીય તપા. ]

શ્રી મુનિચંદ્રસૂરિની પાટે શ્રી વાદિદેવસૂરિ થયા. એમના સમયમાં એટલે વિ૰ સં. ૧૧૭૭ માં નાગપુરીય તપા એ પ્રકારે છઠું નામ પડયું. તે એવી રીતે કે તેમના ધુરંધર વિદ્વાન્ અને મોટા શિષ્ય શ્રી પદ્મપ્રભસૂરિ ગુરૂઆજ્ઞાથી વિચરતા જગતના જીવોને બોધતા શ્રી નાગોરનગરે સં. ૧૧૭૭માં પધાર્યા. ત્યાં તેમણે ઉગ્રતપ સંજમ આચરણ કર્યું. અને ઉપદેશથી રાણાને જૈનધર્મી કર્યો. પ્રભાવશાલી આચાર્યને જોઈ રાણાએ "નાગપુરીયતપા શ્રી પદ્મપ્રભસૂરિ" એ પ્રમાણે નામ સ્થાપ્યું, ત્યારથી જગતમાં નાગપુરીય તપા એ પ્રમાણે પ્રસિદ્ધ થયા. શ્રી વાદિદેવસૂરિએ અણુહિલ્લપુરપાટણના રાજા સિદ્ધરાજની સભામાં ૮૪ સભા જયજશના અભિમાનને ધારણ કરનાર કુમુદચંદ નામના દીગમ્બર આચાર્યને વિ. સં. ૧૧૮૧ ના વૈશાખ સુદ પુર્ણિમાના દિવસે અનેક વાદોમાં પાછો પાડયો. તેથી તે રાજાની તેમના પર ધર્મલાગણી સારી થઇ હતી, અને "સકળવાદિ મુકુટ" એવું બિરૂદ રાજા તથા સંઘ તરફથી અર્પણ કરવામાં આવેલું હતું, અને પાટણ શહેરમાં દીગમ્બર ન આવે એમ રાજ્યમાં ઠરાવ થયો હતો. વળી સં. ૧૨૦૪ માં શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી હતી. તે તીર્થ હાલપણ વિદ્યમાન છે. તેમજ આરાસણમાં નેમિનાથ બિંબની પ્રતિષ્ઠા કરી. વળી તેમણે ચોરાશી હજાર પ્રમાણ ન્યાયનો "સ્યાદ્વાદ રત્નાકર" નામનો ગ્રંથ કર્યો, અને "પ્રભાત સ્મરણ કુલક" તથા "શ્રાવક ધર્મકુલક" તેમજ "મુનિચંદ્ર ગુરૂસ્તુતિ" વિગેરે અનેક ગ્રંથો કર્યા છે. તેમણે ચોવીશ પુરૂષોને આચાર્યપદે સ્થાપ્યા હતા, તેમનાં નામો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ શ્રી પદ્મપ્રભસૂરિ | ૫ શ્રી મનોરમસૂરિ | ૯ શ્રી વર્દ્ધમાનસૂરિ |
| ૨ શ્રી મહેંદ્રસૂરિ | ૬ શ્રી ભદ્રેશ્વરસૂરિ | ૧૦ શ્રી ચંદ્રપ્રભસૂરિ |
| ૩ શ્રી મહેશ્વરસૂરિ[૧] | ૭ શ્રી માનતુંગસૂરિ | ૧૧ શ્રી જયપ્રભસૂરિ |
| ૪ શ્રી રત્નપ્રભસૂરિ[૨] | ૮ શ્રી શાન્તિસૂરિ | ૧૨ શ્રી પૂર્ણભદ્રસૂરિ |

૧. આવશ્યકસપ્તતિ ટીકા કરી. ૨. રત્નાવતારિકા ટીકા તથા ઉપદેશમાલા ટીકા કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ૧૩ શ્રી પરમાનંદસૂરિ | ૧૭ શ્રી વજ્જસેનસૂરિ. | ૨૧ શ્રી માનદેવસૂરિ |
| ૧૪ શ્રી દેવેંદ્રસૂરિ | ૧૮ શ્રી પ્રસન્નચંદ્રસૂરિ | ૨૨ શ્રી ષેણસૂરિ |
| ૧૫ શ્રી પૂર્ણદેવસૂરિ | ૧૯ શ્રી કુમુદસૂરિ | ૨૩ શ્રી હરિષેણસૂરિ |
| ૧૬ શ્રી યશોભદ્રસૂરિ | ૨૦ શ્રી પદ્મદેવસૂરિ | ૨૪ શ્રી સોમસૂરિ[1] |

यतः–श्रीमन्मुनिचंद्रगुरोः,पट्टोदयशैलमौलिहेलिसमः ॥
श्रीदेवसूरिरुदयं, प्रापाब्धिमुनीशमितवर्षैः ॥ १
सर्वग्रंथपथाध्वनीनाधिषणः सद्दैवतासेवितः ॥
शिष्यांभोजदिवाकरः क्षितिपतिश्रेणिश्वरैर्वंदितः
लक्ष्मीकेलिनिकेतनंपरमतांभोराशिकुंभोद्भवः,
कर्पूरोज्वलशीलसुंदरवपुः श्रीदेवसूरिर्जयी ॥२॥
श्रीदेवसूरिस्थापित–जिनसंख्याचार्य संततेर्गच्छाः ।
देवाचार्यतयैव, ख्यातिमगुः प्रायशः सर्वे ॥३॥

"तथाच उपदेशटीकायां रत्नप्रभसूरयः"–

शिष्यः श्रीमुनिचंद्रसूरिमुनिभिर्गीतार्थचूडामणिः
पट्टे स्वे विनिवेशितस्तदनु स श्रीदेवसूरिप्रभुः ॥
आस्थाने जयसिंहदेवनृपतेर्येनास्तदिग्वाससा
श्रीनिर्वाणसमर्थनेन विजयस्तंभः समुत्तंभितः ॥४॥

"तथाचप्रभावकचरित्रे"

यदिनामकुमुदचंद्रं, नाजेष्यद्देवसूरिराहिमरुचिः ॥
कटिपरिधानमधास्यत, कतमः श्वेताम्बरो जगति ॥५॥
शिवाद्वैतं वदन्बन्धः, पुरे धवलके द्विजः ॥

---

૧. વૃત્તરત્નાકર ટીકા કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

काश्मीरसागरो जिग्ये, वादात् सत्यपुरे पुरे ॥६॥
तथा नागपुरे क्षुण्णो, गुणचन्द्रो दिगम्बरः ॥
चित्रकूटे भागवतः, शिवभूत्याख्यया पुनः ॥७॥
गंगाधरो गोपगिरौ, धरायां धरणीधरः ॥
पद्माकरो द्विजः पुष्क–रिण्यां च वाग्मदोद्धुरः ॥८॥
जितश्च श्रीभृगुक्षेत्रे, कृष्णाख्यो ब्राह्मणाग्रणीः ॥
एवं वादजयोन्मुद्रो, रामचन्द्रः क्षितावभूत् ॥९॥

## तथा च प्रबन्धचिन्तामणौ श्रीमेरुतुंगाचार्याः

नग्नो यत्प्रतिभाधर्मा–त्कीर्त्तियोगपटं त्यजन् ॥
ह्रियेवात्याजि भारत्या, देवसूरिर्मुदेऽस्तु वः ॥१०॥
सत्रागारमशेषकेवलभृतां मुक्तिं तथास्थापय–
न्नारीणामपि मोक्षतीर्थमभवत्तद्युक्तियुक्तोत्तरैः ॥
यः श्वेताम्बरशासनस्य विजिते नग्ने प्रतिष्ठागुरु–
स्तद्देवाद्गुरुतोऽप्यमेयमहिमा श्रीदेवसूरिप्रभुः ॥११॥

## तथाच शान्तिनाथमहाकाव्ये श्रीमुनिभद्रसूरयः ॥

अतिष्ठिपन् निर्वृतिमंगनाजने, विजित्य ये दिक्पटमागमोक्तिभिः ॥
विवादविद्याविदुरं वदावदा, जयन्ति तेऽमी प्रभुदेवसूरयः ॥१२॥
सिताम्बराणामपि यैश्च दर्शनं, थिरंकृतं गूर्जरभूमिमंडले ॥
चलाचलं दिक्पटवादवात्यया, मनोमुदे ते मम देवसूरयः ॥१३॥
तत्पट्टाचलपूर्वपर्वतशिरः शृंगारतिग्मद्युतिः,
स्फूर्जत्कौमुदचंद्रयामनिहतिप्रख्यातकीर्त्तिव्रजः ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**तापव्यापदपाकृतिप्रमुदितैरासेव्यमानो भृशं,**
**सच्चक्रैः सततं चिरं स जयति श्रीदेवसूरिप्रभुः ॥१४॥**

એ ચોવીશે આચાર્યોમાંથી ગચ્છાધિપતિપણે શ્રી પદ્મપ્રભસૂરિને સ્થાપ્યા. તે ચોવીશે આચાર્યોએ પોતાના ગુરૂએ કરેલ ગ્રન્થો લખ્યા છે. તેમજ નવાગ્રંથો પણ તેમણે કરેલ છે. શ્રીવાદિદેવસૂરિનો જન્મ વિ. સં. ૧૧૪૩ માં ગુજરાતમધ્યે મડ્ડાહતનામે નગરમાં પોરવાડ વંશીય શેઠ વીરનાગ તેમની સ્ત્રિ જિનદેવી તેણીની કુક્ષીથી થયો હતો. દીક્ષા સંવત્ ૧૧૫૨ માં નાનપણમાં લીધી હતી. ગુરૂએ દીક્ષામાં રામચંદ્રનામ આપેલ હતું. સૂરિપદ સંવત્ ૧૧૭૪ માં મળ્યું હતું. ત્યારે શ્રી ગુરૂએ પ્રસન્ન થઇ દેવસૂરિ એ પ્રમાણે નામ આપેલું હતું. અને સં. ૧૨૨૬ ના શ્રાવણ વદી ૭ ના ગુરૂવારે સ્વર્ગવાસી થયા હતા. એમણે પાંત્રીશહજાર ઘરોને જૈની કર્યા, અને જુદે જુદે સ્થાને ચોરાસી વાદ જીત્યા હતા. તેથી "સકળવાદિ મુકુટ" એ નામથી શ્રી વાદિદેવસૂરિ પ્રસિદ્ધ થયા હતા. કોઇક ગ્રંથમાં એમ કહેવામાં આવેલ છે કે અહુંઠલખ (સાડા ત્રણલાખ) શ્રાવક નવા પ્રતિબોધ્યા હતા. શ્રી વાદિદેવસૂરિના વખતમાં શ્રી દેવચંદ્રસૂરિના શિષ્ય કળિકાલ સર્વજ્ઞ ત્રિકોટી શ્લોક પ્રમાણ ગ્રંથ કર્તા શ્રી હેમચંદ્રાચાર્ય હતા. એમને હેમાચાર્ય પણ કહે છે. એમણે ગુજરાતના રાજા કુમારપાળને પ્રતિબોધી પરમાર્હત્ (પરમશ્રાવક) કર્યો. એમણે સવાલક્ષ પ્રમાણ વ્યાકરણ, તથા કોષ, કાવ્ય, અલંકાર, તથા તર્ક વિગેરે ઘણી બાબતો પર ઉત્તમ ગ્રંથ રચ્યા છે. એમનો જન્મ, સં. ૧૧૪૫ માં અને દીક્ષા ૧૧૫૦ માં તેમજ સૂરિપદ ૧૧૬૬ માં આપવામાં આવ્યું હતું. ( વિ. સં. ૧૧૬૭ માં શ્રીદેવચંદ્રસૂરિ સ્વર્ગે ગયા,) એમ એક પટ્ટાવલીમાં છે. એવામાં અનેક ગ્રંથના કરનાર તેમજ નંદીસૂત્ર ટીકા વિગેરેના કર્તા શ્રીમલયગિરિસૂરિ સ્વર્ગે ગયા. શ્રી હેમચંદ્રાચાર્ય ૧૨૨૯ માં સ્વર્ગે ગયા. શ્રી હેમસૂરિએ બોધ પમાડેલા કલિકાલરાજર્ષિ બિરૂદધારી કુમારપાળ રાજા સં. ૧૧૯૯ માં પોતાની પચાશવર્ષની ઉમરે રાજ્યઆદીએ બેઠા, અને સં. ૧૨૩૦ માં સ્વર્ગવાસી થયા. એ રાજાએ અઢાર દેશમાં અમારીપડહ વજડાવ્યો. એમના મંત્રિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદયનસુત વાગ્ભટ્ટે ત્રણક્રોડ રૂપીયા ખર્ચી સં. ૧૨૨૨ માં શ્રી શત્રુંજય ઉપર બાહડવસહીનાં દેરાં કરાવ્યાં. વાગ્ભટ્ટમંત્રિ બહુ વિદ્વાન્ હતો. તેમણે કાવ્યાનુશાસન નામે ગ્રંથ કર્યો છે.

## (૪૫) શ્રી પદ્મપ્રભસૂરિ.

શ્રી વાદિદેવસૂરિની પાટે શ્રી પદ્મપ્રભસૂરિ થયા. વિ. સં. ૧૨૨૧ માં "ભુવનદીપક" નામનો જ્યોતિષનો ગ્રંથ તેમણે રચ્યો. તેમના પાટપર એમણે પોતાના ગુરૂભાઇને સ્થાપ્યા.

यतः—पश्चाच्च सिद्धविघ्नः, सोऽपि कृतो देवसूरिभिः सूरिः ॥
श्रीपद्मप्रभनामा, परं प्रसिद्धो स्वनाम्नैव ॥१॥
तत्पट्टे महालक्ष्मि-निधिर्बभूव प्रसन्नचंद्रगुरुः ॥
यस्य ज्योतिर्दीपक-दीपोऽद्य द्योतते विश्वम् ॥२॥

## (૪૬) શ્રી પ્રસન્નચંદ્રસૂરિ.

શ્રી પદ્મપ્રભસૂરિની પાટે શ્રી પ્રસન્નચંદ્રસૂરિ થયા. આ સૂરીશ્વર પછી બારવરસી દુકાળ પડયો. આચાર ક્રિયામાં તથા સૂત્ર પઠનપાઠનમાં પ્રમાદી થઇ ગયા. સૂત્ર ભંડારોમાં સ્થાપી ભંડારો બંધ કરી દીધા. વિ. સં. ૧૨૦૧ માં સામુદ્રિકગચ્છ પ્રગટ થયો. વલી વિ. સં. ૧૨૩૬ માં નરસિંહસૂરિથી સાઢપુનમીયા થયા. વિ. સં. ૧૨૫૦ માં આગમીયા થયા. તેજ વરસમાં મહમદઘોરીએ દિલ્હી જીત્યું.

## (૪૭) શ્રી ગુણસમુદ્રસૂરિ.

ततइह जितमारः क्षिप्तदोषप्रचारः,
कृतजगदुपकारः शारदाकंठहारः ।
अभवदमलमुद्रः प्रोल्लसद्भूरिभद्रः
सुगुरुगुणसमुद्रः सिद्धसिद्धिसमुद्रः ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી પ્રસન્નચંદ્રસૂરિની પાટે શ્રી ગુણસમુદ્રસૂરિ થયા. તેઓ પાટણમાં આચાર્યપદ પામ્યા. આ આચાર્ય ત્રિભુવનપાળ રાજાને રંજન કરનાર હતા. છાપલી નગરમાં શ્રી ચંદ્રપ્રભુની તથા છાયલી નગરમાં શ્રી વીરપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. એમના શિષ્ય શ્રી જયશેખર ઉગ્રવૈરાગી હતા. એમના સમયમાં વિ. સં. ૧૨૮૫ માં ચૈત્રવાલગચ્છીય શ્રી દેવભદ્રાચાર્યથી તપા થયા.

## (૪૮) શ્રી જયશેખરસૂરિ. (ક્રિયોદ્ધારકારકઃ)

શ્રી ગુણસમુદ્રસૂરિની પાટે શ્રી જયશેખરસૂરિ થયા. આ મહાપ્રતાપી આચાર્યે એક વરસમાં બારગોત્ર પ્રતિબોધી જૈની બનાવ્યા. વિ. સં. ૧૩૦૧ માં એમને નાગોર શહેરમાં આચાર્ય પદ મળ્યું હતું. તેઓએ પાટણ આવી સિદ્ધાન્તો ગુરૂની પાસે યોગવહીને વાંચ્યાં અને ગુરૂની આજ્ઞાથી ક્રિયાઉદ્ધાર કર્યો. બારવર્ષી દુકાળ પડવાથી શીથીળાચાર બહુ પ્રવર્ત્યો હતો, તેને ઉગ્રતપ ક્રિયાવડે કરીને હઠાવ્યો. એમને નાની ઉમ્મરમાંજ કવિરાજનું બિરૂદ રણથંભ ચૌહાણરાય હમીર તરફથી મળેલ હતું. રાયહમીરને ધર્મોપદેશથી પોતાનો ભક્ત બનાવ્યો હતો.

यतः—गुणसमुद्रगुरोरपि दीक्षिताः, समभवन् जयशेखरसूरयः ॥
कलिबिलाभिमुखं निपतत्क्रिया—क्षितिसमुद्धरणे पुरुषोत्तमाः ॥

એમના સમયમાં વિજયચંદ્રસૂરિના સમુદાયવાળા વૃદ્ધશાળીક અને દેવેંદ્રસૂરિના સમુદાયવાળા લઘુશાળીક કહેવાયા. સં. ૧૩૧૫ માં રૈરવ દુકાળ પડ્યો ત્યારે જગડુશાહે અન્નદાન આપી લોકોને બચાવ્યા. વળી મંડયાચળમાં પૃથ્વીધર મંત્રી (પેથડશા) થયા. પૃથ્વીધરે ૩૨ વર્ષની વયે બ્રહ્મચર્ય ધારણ કર્યું. એણે દેવગિરિ (પ્રભાસપાટણ)માં અમુલક વિહાર કરાવ્યો. એ મંદિર બાવન જિનાલો હતો. તેની બાવનદેરીઓની બાંધણી કાયમ રહેવા દઇ મૂળ દેરાસર તોડી પાડીને મુસલમાન લોકોએ તેમાં જુમામસીદ બંધાવી છે તે હજુ કાયમ છે.) પૃથ્વીધરને પુત્ર ઝાંઝણ દેવ થયો. તેણે સિદ્ધગિરિથી ગીરનાર સુધી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુવર્ણધજા બંધાવી. વળી એણે મંડપાચળમાં ધર્મઘોષ સૂરિના પ્રવેશોત્સવમાં ૭૨૦૦૦) હજાર રૂપીયા ખર્ચ્યા હતા.

## (૪૯) શ્રી વજ્રસેનસૂરિ.

શ્રી જયશેખરસૂરિની પાટે શ્રી વજ્રસેનસૂરિ થયા. તેઓશ્રી સમસ્ત શાસ્ત્ર પારગામી અને ઉપદેશ કરવામાં લબ્ધિવંત હતા. એમને સારંગભૂપતિએ "દેશના જળધર" એ બિરૂદ વિ. સં. ૧૩૪૨ માં આપ્યું હતું. એમણે લોઢાગોત્રીય એક હજાર ઘર જૈની બનાવ્યાં હતાં. વિ. સં. ૧૩૫૪ માં આચાર્યપદ તેઓને મળ્યું હતું. વળી આચાર્યશ્રીએ સીહડસણાને તથા અલાઉદીન પાદશાહને પોતાના યોગનો ચમત્કાર બતાવ્યો હતો. તેમણે "લઘુત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર" તથા ગુરૂગુણષટ્ત્રિંશિકા ગ્રંથ રચ્યા હતા. વળી આવશ્યક સપ્તતિ ટીકા રચવામાં મદદ કરી હતી. એમના શિષ્ય હરિમુનિએ કર્પૂરપ્રકરણ તથા નેમિનાથ ચરિત્ર વિગેરે ગ્રંથો રચ્યા હતા.

यतः—तेषां च पादाम्बुजराजहंसा, विद्वात्क्रियावन्न (?) शिरोवतंसाः ॥
श्रीवज्रसेनाभिधसूरिराजः सन्तु श्रिये निर्मलकीर्त्तिभाजः ॥१॥
दक्षा लक्षणलक्षणेति सरसाः सर्वेषु शास्त्रेषुच
छेकाश्छन्दसि तर्ककर्कशगिरः सिद्धान्तशुद्धाशयाः ॥
व्याख्यालब्धितया चिरंतनमुनिव्राताऽनुसंवादिनो
जीयासुर्गुरवो गुणैकनिधयः श्रीवज्रसेनाऽभिधाः ॥ २ ॥

## (૫૦) શ્રી હેમતિલકસૂરિ.

શ્રી વજ્રસેનસૂરિની પાટે શ્રી હેમતિલકસૂરિ થયા. વિ. સં. ૧૩૮૨ માં આચાર્યશ્રીએ ભાટીરાજાને તેમજ દુલચીરાયને ઉપદેશ આપી જૈનધર્મમાં રક્ત બનાવ્યા. વિ. સં. ૧૩૫૪માં અલાઉદીને ગુજરાત જીત્યું.

यतः—तत्पदाम्बरतलैकहेलयः, स्वात्मतत्त्वकृतचितकेलयः ॥
हेमपूर्वतिलकाख्यसूरयः, संददन्त्वविधकंससोख्यः ॥ १ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्रीहेमतिलकसुगुरोः, कियन्तीं गुणवर्णनां वयं तनुमः ॥
यत्समयमेकं स्तोतुं, सहस्रजिह्वोऽपि न समर्थः ॥ २ ॥
पायंपायं कर्णेहत्य, येषां वाणीं सुधोपमां,
रसज्ञाः किं न कुर्वन्ति, स्पर्द्धां सार्धं सुधाशिभिः ॥ ३ ॥

## (૫૧) શ્રી રત્નશેખરસૂરિ.

શ્રી હેમતિલકસૂરિની પાટે શ્રી રત્નશેખરસૂરિ થયા. એમનો જન્મ વિ. સં. ૧૩૭૨ માં થયો હતો. ૧૩૮૫ માં ૧૩ વર્ષની વયે દીક્ષા લીધી તથા ૧૪૦૦ માં બિલાડાનગરે આચાર્યપદે સ્થાપવામાં આવ્યા હતા. આ આચાર્ય "મિથ્યાંધકારનભોમણિ" કહેવાતા હતા. એમણે ગુણસ્થાનક્રમારોહ સોપજ્ઞવૃત્તિ, ક્ષેત્રસમાસ, સ્વોપજ્ઞવૃત્તિ, ગુરૂગુણષટ્ત્રિંશિકાવૃત્તિ, શ્રીપાલચરિત્ર પ્રાકૃત, તથા સંબોધસિત્તરિ ટીકા સહિત વિગેરે ગ્રંથો સાર્વજનિક ઉપયોગી બનાવ્યા હતા. વળી તઘલખ પાદશાહ તેમને બહુ માન આપતો હતો. પેથડસંઘવીના સન્મુખ આચાર્યે કહ્યા પ્રમાણે ફરમાન લખી આપ્યાં હતાં. આ સૂરિ તપગચ્છવાળા મુનિસુંદરસૂરિની પાટે થયેલા રત્નશેખરસૂરિથી જુદા જાણવા કારણ કે તે રત્નશેખરસૂરિ તો ૧૫૦૨ થી ૧૫૧૭ સુધીમાં થયા છે.

यतः—व्याप्ते भृशं घनतमोभिरिहैव विश्वे, यन्मानसे शुभविचारमरालबालः॥
स्थैर्यं दधौ सकलपक्षविशुद्ध एषः, श्रीरत्नशेखरगुरुः सजयं तनोतु॥
मिथ्यात्वतिमिरध्वंस,—सप्तसप्तिप्रभोपमाः ॥
मुदे सन्तु सतां ते श्री—रत्नशेखरसूरयः ॥ २ ॥

## (૫૨) શ્રી હેમચંદ્રસૂરિ.

શ્રી રત્નશેખરસૂરિની પાટે શ્રી હેમચંદ્રસૂરિ થયા. વિ. સં. ૧૪૨૮ માં પોતાના ગુરૂએ બનાવેલ શ્રીપાલચરિત્ર વિગેરે ગ્રંથો તેનો પ્રથમાદર્શ લખનાર આ આચાર્ય હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (५३) श्री पूर्णचंद्रसूरि.

श्री हेमचंद्रसूरिनी पाटे श्री पूर्णचंद्रसूरि थया. हिंगडवंशीय मरुधर देशनो राजा तेमने गुरुतरीके मान आपतो हतो. बिलाडापुरमां वादिओने जीतवाथी हिंगडवंशनी प्रशंसा घणीज वधारी हती. एमने आचार्य पद्वी १४२४ मां मळी हती.

यतः--तत्पट्टजलधिवर्धन--कुशलः कुवलयविबोधकृत्सकलः ॥

श्रीपूर्णचंद्रसूरि--श्चंद्र इव क्षितितले जीयात् ॥

## (५४) श्री हेमहंससूरि.

श्री पूर्णचंद्रसूरिनी पाटे श्री हेमहंससूरि थया. खंडेवालगोत्रे वि. सं. १४३१ मां तेमनो जन्म थयो हतो. १४३५ मां दीक्षा लीधी हती. वि. सं. १४५३ मां आचार्य पद्वी मळी हती. आ आचार्यश्रीए ५००० जिनालयोनी प्रतिष्ठा करावी. अहिंथी क्रियामां शीथीलपणुं थयुं हतुं. एमणे कल्पान्तरवाचना विगेरे ग्रंथो करेला छे. एमणे बीजा शिष्य रत्नसागरने पण सूरिपद आपेलुं हतुं. ते आचार्य एक वखत श्रावकनी पासे परिग्रहनी व्याख्या करतां पोते बोध पामी परिग्रहने तजी सिद्धाचळजी जई रत्नाकरपचीशी स्तव वडे करीने खूब आत्मनिंदा करी. संपूर्ण भावपूर्वक उग्रक्रिया करवाथी आ आचार्य जगतमां "रत्नाकरसूरि" ए नामे प्रसिद्ध थया. ते दूधडज्ञातीय धन्नाभार्या उमाना पुत्र करमशी नामे हता.

यतः--श्रीपूर्णचंद्रवरपट्टसरोजहंसः, साधुक्रियाविदितमार्गविकाशहंसः ॥

क्षांत्यार्जवादिगुणसंततिदत्तहंसः, सूरिर्जयत्विह चिरं गुरुहेमहंसः ॥

ए आचार्य पोतानी पाटे श्री लक्ष्मीविलाससूरिने स्थापी वि. सं. १५१६ मां स्वर्गे गया.

## (५५) श्री लक्ष्मिनिवाससूरि.

श्री हेमहंससूरिनी पाटे श्री लक्ष्मिनिवाससूरि थया. एमना संघाडामां हेमसमुद्रसूरि सारा विद्वान हता.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૫૬) શ્રી પુણ્યરત્નસૂરિ.

શ્રી લક્ષ્મિનિવાસસૂરિની પાટે શ્રી પુણ્યરત્નસૂરિ થયા. પોતાના સમુદાયના હેમરત્નસૂરિ એમના સમયમાં વિચરતા હતા. પરસ્પર બન્ને પ્રેમી હતા. તેઓ સં. ૧૫૩૦ માં (ક્વચિત ૧૪૯૯)માં વિદ્યમાન હતા.

## (૫૭) શ્રી સાધુરત્નસૂરિ.

શ્રી પુણ્યરત્નસૂરિની પાટે શ્રી સાધુરત્નસૂરિ થયા. ષટ્શાસ્ત્રવેત્તા આ આચાર્ય હતા. શ્રી હેમહંસસૂરિથી ક્રિયામાં સીથીલપણું થયેલ તે ધીમે ધીમે વૃદ્ધિ પામતાં આમના સમયમાં બહુજ ઢીલાસવાળા સાધુઓ પોશાલીયા જેવા થઈ ગયા હતા. આ આચાર્યના શિષ્યો ત્રણ હતા. તેમાં તીવ્રબુદ્ધિને ધારણ કરનાર, સૌભાગ્ય નામકર્મી, નાનપણમાંજ ઉગ્રવૈરાગી શ્રી પાર્શ્વચંદ્ર નામના શિષ્ય હતા. તે વખતમાં વિદ્યમાન, આ સૂરિના પ્રેમપાત્ર શ્રી સોમરત્નસૂરિ કે જે હેમરત્નસૂરિના શિષ્ય થતા હતા, તેમના પ્રેમાગ્રહથી દાર્શનીકજ્ઞાન ધારણ કરનાર શ્રી પાર્શ્વચંદ્રને નાની ઉમ્મરમાંજ ઉપાધ્યાય પદ અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી પાર્શ્વચંદ્ર ઉપાધ્યાયે જિનાગમનો અભ્યાસ ગુરૂની પાસેથી ગુરૂજીની કૃપાવડે થોડા સમયમાંજ સંપૂર્ણ કરી વૈરાગ્યમાં સંપૂર્ણ નિમગ્ન થયા, અને શીથીલાચાર ઉપર અરૂચી થઇ, આથી સમર્થ શિષ્યને જોઇ ગુરૂશ્રીએ ક્રિયાઉદ્ધાર કરવાનો ઉપદેશ આપી ઉત્સાહ વધાર્યો. ઉપાધ્યાયના પુન્ય પ્રભાવથી બાવન વીર, ચોસઠ જોગણી, અને ભૈરવ તેમની સાનિધ્યમાં રહેતા હતા. વિ. સં. ૧૫૩૦ માં લુંકા લહીઆથી લુંકા થયા.

यतः—श्रीजेशवालकुलपंकजबालसूर्यः, श्रीपूर्णरत्नगुरुसूरिपदप्रवर्यः ॥
आचारसारकरणैकपटुःप्रयत्नः,सूरीश्वरो विजयतां गुरुसाधुरत्नः॥१॥

## (૫૮) શ્રી પાર્શ્વચંદ્રસૂરિ. (ક્રિયોદ્ધાર કારક)

શ્રી સાધુરત્નસૂરિની પાટે શ્રી પાર્શ્વચંદ્રસૂરિ થયા. એમણે વિ. સં. ૧૫૬૫ માં ગુરૂરાજની આજ્ઞાથી આગમાનુસારે ક્રિયાઉદ્ધાર કર્યો. ઉત્કૃષ્ટ ચારિત્રપાલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભવ્યજીવોને શુદ્ધધર્મમાં પ્રવૃત્તિ કરાવતા હતા. આ મહાપ્રતાપી આચાર્યે મારવાડ દેશના રાજા માલદેવને જૈનધર્મના ઉપદેશથી પોતાનો પરમભક્ત બનાવ્યો હતો. મુણોતગોત્રીય ક્ષત્રિઓને ધર્મનો બોધ આપી ઓસવાળ શ્રાવક કર્યા. માલવદેશના રાજાને બોધ આપવાથી ખુશ થયેલા રાજાએ ૭૦૦ કેદીઓને છુટા કર્યા. વળી માલવદેશમાં અહિંસાના ઉપદેશથી ઘણા કસાઇઓને કસાઇના ધંધાથી દૂર કર્યા. પ્રતિમોત્થાપક લુંકાના કેટલાક ઉપાસકોને બોધ આપી સમ્યક્ત્વી કર્યા. ગુજરાતમાં ઉનાવા નગરે ૫૦૦ મેશ્રીઓને બોધ આપી શ્રાવક ધર્મી કર્યા. અમદાવાદમાં મરકીનો ઉપદ્રવ દૂર કર્યો. ખંભાતમાં નવાબને દયાધર્મ સમજાવી જીવવધથી અટકાવ્યા. લુંકાના યતિઓને સમજાવી કેટલાકને દીક્ષા આપી પોતાના સાધુ બનાવ્યા. ઇત્યાદિક ઘણાં શુભકૃત્યો કર્યાં છે. એમણે ક્રિયાઉદ્ધાર કર્યાબાદ આનંદવિમળસૂરિએ તપગચ્છમાં, ધર્મમૂર્તિસૂરિએ અંચળગચ્છમાં, જિનચંદ્રસૂરિએ ખરતરગચ્છમાં ક્રિયાઉદ્ધાર કર્યો. શ્રીપાર્શ્વચંદ્રસૂરિને સોમરત્નસૂરિ, સોમવિમળસૂરિ, તથા રાજરત્નસૂરિ વિગેરેએ સલક્ષણપુરમાં વિ સં. ૧૫૯૯માં યુગપ્રધાન પદે સ્થાપ્યા. એમનો આબુની પાસે હમીરપુરમાં પોરવાડ જ્ઞાતે વેલાશાહ પિતાનું નામ, વિમલાદે માતાનું નામ તેની કુક્ષિથી વિ. સં. ૧૫૩૭ માં જન્મ થયો હતો. ૧૫૪૬ માં દીક્ષા, ૧૫૫૪ માં ઉપાધ્યાયપદ, ૧૫૬૫ માં ક્રિયાઉદ્ધાર તથા આચાર્યપદ, ૧૫૯૯ માં યુગપ્રધાનપદ, અને ૧૬૧૨ ના માગસર સુદી ૩ દિને યોધપુરમાં સ્વર્ગવાસ થયો. એમણે આચારાંગસૂત્ર, સુયગડાંગસૂત્ર, પ્રશ્નવ્યાકરણ વિગેરે કેટલાક સૂત્રો ઉપર બાલાવબોધ ટીકાનુસારે રચ્યાં છે, તેમજ પ્રાકૃતમાં સપ્તપદી શાસ્ત્ર, સંસ્કૃતમાં સંઘપટ્ટક, અને ભાષાઓમાં પ્રકરણ, રાસ, સ્તવનાદિ એમ મળીને સેંકડો ગ્રંથાદિક બનાવ્યાં છે. એમણે લોઢા ગોત્રીય ૬૫૦૦ ઘરને, તેમજ બાવીસ ગોત્રીયોને મિથ્યાધર્મથી દૂર કરી શુદ્ધ જૈની કર્યા છે. વિ. સ. ૧૫૬૨ માં કડવા નામના શ્રાવકે વર્તમાનકાલે સાધુ નથી એવો ઉપદેશ કર્યો. ત્યારથી કડવા થયા. વિ. સં. ૧૫૭૨ માં વિજયામતિ વેશધારી થયા. તે સમયમાં આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્ય મહાપ્રતાપી હતા. તેથી એમનો સર્વ સમુદાય આ આચાર્યના નામથીજ ઓળખાવા લાગ્યો, તેથી ગચ્છનું નામ **પાર્શ્વચંદ્રગચ્છ** પડયું. આ વચન સિદ્ધિવાળા આચાર્યે કડવાશાએ બોધેલા કેટલાક શ્રાવકોને સાધુની આસ્થાવાળા કર્યા. એમના શિષ્ય વર્દ્દરાજ બહુ બુદ્ધિશાળી હતા. ત્રણ વરસમાં સવાલાખ પ્રમાણ શ્લોકના ચિંતામણિ વિગેરે ન્યાયના ગ્રંથો મુખપાઠ કર્યા હતા. વિદ્યાપુરનગરની રાજસભામાં ૧૫ દિવસ સુધી વાદિઓની સાથે વાદ કરી તેમને હઠાવ્યા હતા. તેથી પ્રસન્ન થયેલા રાજાએ તેમને આચાર્ય પદ આપ્યું હતું, ત્યારથી શ્રીવિજયદેવસૂરિ એ નામથી પ્રસિદ્ધિ પામ્યા. તે શ્રી વિજયદેવસૂરિ શ્રી પાર્શ્વચંદ્રસૂરિના વિદ્યમાનપણામાંજ સ્વર્ગવાસી થયા, તેથી પોતાની પાટે શ્રી સમરચંદ્રસૂરિને સ્થાપ્યા. તેમના સંઘાડામાં બીજા આચાર્ય શ્રી રાજરત્નસૂરિ તથા તેમના શિષ્ય ચંદ્રકીર્ત્તિસૂરિ, તથા વિનયદેવસૂરિ તથા ઉપાધ્યાય હંસકીર્ત્તિ વિગેરે સં. ૧૬૦૦ ના સમયમાં વિચરતા હતા. વિશેષ બિના એમના ચરિત્રથી જાણવી.

यतः—यो लेभे गुरुसाधुरत्नकृपया पारं श्रुतांभोनिधे--
यो जैनागमसंगतां सुललितां चक्रे हितां देशनाम् ॥
यः स्वान्योपकृते निमित्तमकरोद् ज्ञानक्रियास्वादरं,
तं सूरीश्वरमुत्तमं युगवरं श्रीपार्श्वचंद्रं स्तुमः ॥ १ ॥
श्रीमन्नागपुरीयविश्रुततपागच्छाच्छवार्धीन्दवो,
येऽक्षांगाहशरत्रवाप्तसफलार्हद्वाक्यसग्युक्तयः ।
येषामाख्ययैव संप्रति जगत्याख्यायते सद्गण,
स्तावत्ते भुवि सूरयः समभवन् श्रीपार्श्वचंद्राह्वयाः ॥ २ ॥

## (૫૯) શ્રી સમરચંદ્રસૂરિ.

શ્રી પાર્શ્વચંદ્રસૂરિની પાટે શ્રી સમરચંદ્રસૂરિ થયા. નિર્ગ્રંથચૂડામણિનું બિરૂદ ધારણ કરનાર આ આચાર્ય હતા. બાળબ્રહ્મચારી, સિદ્ધાન્તના રહસ્યને જાણનાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતા. એમણે સાધુરસ સમુચ્ચય આદિ ગ્રંથ કર્યા છે. એમનો જન્મ અણહિલ્લ-પુરપાટણમાં શ્રીમાલી જ્ઞાતીય દોશી ભીમાશા પીતા, વ્હાલાદે માતા તેણીની કુખથી સં. ૧૫૬૦ ના માગસર સુદ ૧૧ દિને થયો હતો. અને દીક્ષા ૧૫૭૫ ના માગસર સુદ ૫ દિને થઈ હતી. વિ. સં. ૧૫૯૯ માં ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું હતું. અને સૂરિપદ ૧૬૦૪ માં આપવામાં આવ્યું હતું. સં. ૧૬૨૬ માં ખંભાત નગરે સ્વર્ગવાસી થયા. એમના સમુદાયના બીજા પ્રસિદ્ધ આચાર્ય તે સમયમાં શ્રીવિનયકીર્ત્તિસૂરિ, શ્રીમાનકીર્તિસૂરિ, તથા શ્રીહર્ષકીર્ત્તિસૂરિ વિગેરે વિચરતા હતા. શ્રીહર્ષકીર્તિસૂરીએ સારસ્વતની ટીકા, સાર્દીનામમાલા, યોગચિન્તામણિ વિગેરે ટીકાઓ તથા ગ્રંથો કરેલા છે.

## (૬૦) શ્રી રાજચંદ્રસૂરિ.

શ્રી સમરચંદ્રસૂરિની પાટે શ્રી રાજચંદ્રસૂરિ થયા. જંબુગામે શ્રી શ્રીમાલી જ્ઞાતીય દોશી ભાવડ પિતા કમલાદેમાતા તેણીની કુખથી સં ૧૬૦૬ ના ભાદરવા વદી ૧ ને રવીવારે રેવતીનક્ષત્રમાં જન્મ્યા હતા. વિ સં. ૧૬૨૬ માં દીક્ષા તેમજ ખંભાતમાં આચાર્યપદ પણ તેજ સાલમાં થયું હતું. વિ. સં. ૧૬૬૯ ના જેઠ સુદ ૬ દિને ખંભાતમાં સ્વર્ગવાસ પામ્યા. એમના સમયમાં એજ ગચ્છના અન્યપ્રસિદ્ધ શ્રી અમરકીર્તિસૂરિ તથા ઉપાધ્યાય શ્રી હેમસાગર, ઉપાધ્યાય શ્રી હંસકીર્ત્તિ તથા પાદશાહના માનીતા શ્રી જયરાજ મુનિવર, આનંદરાય મુનિવર, તેમજ સોમદેવ મુનિવર વિગેરેને ખાનખવાસ, તથા હદાલોહાજી તથા નાગોરમાં દોલતખાન, તથા કલાખાન વિગેરે બહુમાન આપતા હતા. તેમજ અકબર પાદશાહ પણ તેમને મળવાની ચાહના કરતો હતો. લક્ષ્મીદાસ એમનો પરમ શ્રાવક હતો. ધુરંધર પંડિત પદ્મસુંદર ઉપાધ્યાયની સાથે અકબર પાદશાહનો સારો પરિચય હતો. તેથી પાદશાહ તેમની વિદ્વત્તાને સારી રીતે જાણતો હતો. એક વખત એક બ્રાહ્મણ દિલ્હીમાં અકબર પાદશાહ સામે ગર્વનાં વચન બોલ્યો કે મારા જેવો કલિમાં કોઇ પંડિત નથી. ત્યારે પાદશાહે પદ્મસુંદર ઉપાધ્યાયને યાદ કરી તેમને જલ્દી તેડાવ્યા. ઉપાધ્યાય પણ જલ્દી આવ્યા. પાદશાહની સમક્ષમાંજ તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્રાહ્મણને વાદમાં હરાવી પાછો પાડયો, તેથી પાદશાહ, સામંત, મંત્રિઓ વિગેરે ઘણા ખુશી થયા. પદ્મસુંદર ઉપાધ્યાયને પહેરામણી કરી સુખાસનિકા વિગેરે આપ્યું. તથા આગ્રામાં ધર્મસ્થાન બંધાવી આપ્યું. નાગપુરીયતપાની જગતમાં સારી પ્રસિદ્ધિ થઈ. તેમનામાં શાસ્ત્રીયવાદ કરવાની સારી ચતુરાઈ હતી. તેમણે પ્રમાણસુંદર નામનો ન્યાયશાસ્ત્રનો ગ્રંથ, રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય, પાર્શ્વનાથ કાવ્ય, પ્રાકૃતમાં જંબુસ્વામી કથા, ઈત્યાદિક ગ્રંથો રચ્યા છે. વલી આ આચાર્યના સમયમાં ક્રિયાપાત્ર ઉપાધ્યાય વચ્છરાજ મુનિ પણ સારા વિદ્વાન્ હતા. તેમણે શ્લોકબદ્ધ શ્રી શાન્તિનાથ ચરિત્ર, તથા સમ્યક્ત્વકૌમુદીરાસ વિગેરે ગ્રંથ કર્યા છે. શ્રી રાજચંદ્રસૂરિ સંથારારાસની અંદર પંડિત વિમલચારિત્ર એમ જણાવે છે કે આ આચાર્યે સંથારો શાસ્ત્રોક્ત રિતિ પ્રમાણે તેમજ પૂર્વઋષીઓને યાદ કરાવે એવા પ્રકારે કરેલો હતો. તેમજ તેમની વૈયાવચ્ચમાં પૂર્ણચંદ્ર ઉપાધ્યાય, ગુણચંદ્ર ઉપાધ્યાય, હેમચંદ્ર ઉપાધ્યાય, પંડિત હીરાનંદ, પંડિત પરમાનંદ, પંડિત સાગરચંદ્ર તથા પંડિત ઈંદ્રચંદ્ર વિગેરે ૨૫ ઠાણાં હતાં.

## (૬૧) શ્રી વિલમચંદ્રસૂરિ.

શ્રી રાજચંદ્રસૂરિની પાટે શ્રી વિમલચંદ્રસૂરિ થયા. રાજનગરના શ્રીમાલી સંઘવી રાજપાલ પિતા, સુખમાદેમાતા, સં. ૧૬૫૬ ના વૈશાખ શુદ ૬ દિને દીક્ષા, સં. ૧૬૬૯ ના વૈશાખ સુદ ૬ દિને ખંભાતમાં આચાર્યપદ પામ્યા. સં. ૧૬૭૪ ના આસો સુદ ૧૩ દિને રાજનગરે સ્વર્ગવાસ પામ્યા હતા શ્રી રાજચંદ્રસૂરિના વખતમાં ધર્મસાગર ઉપાધ્યાયે કુમતિકંદકુદ્દાલ નામનો ગ્રંથ રચ્યો. જેમાં કેટલાક ગચ્છોની નિન્દા કરી. તેમને જૈનાભાષ, આજ્ઞાબાહ્ય વિગેરે શબ્દોથી નિંધા હતા, તેથી જૈનમાં બહુ ખટપટ ઉભી થઈ હતી. તેમાં પણ ખરતર અને તપા વચ્ચે મોટી તકરારો, અણછાજતા હુમલા, પરસ્પર ગ્રંથદ્વારા બહાર પડયા હતા. કેટલાક ગચ્છના નાયકો અપ્રીતિવાળા થયા તેમ જોઈ વિ. સં. ૧૬૪૬ માં શ્રી વિજયસેનસૂરિએ ધર્મસાગરને ઠપકો આપ્યો બહુજન સમક્ષ તે કુમતિકંદકુદ્દાલગ્રંથને ઉત્સૂત્ર જણાવી, અમાન્ય ઠરાવી, જલશરણ કર્યો. અને ધર્મસાગર ઉપાધ્યાયની તેમાં સહી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લીધી. વલી તે ગ્રંથનો અર્થ બીજા કોઇ ગ્રંથમાં હોય તો તે પણ અપ્રમાણ સમજવો એવો ઠરાવ થયો. શ્રી વિમલચંદ્રસૂરિના સમયમાં મહાપ્રભાવક તપસ્વી પુંજામુનિવરનો સંબંધ આ પ્રમાણે છે. વિ. સં. ૧૬૭૦ના અસાડ સુદ ૯ દિને રાજનગરમાં શ્રી વિમલચંદ્રસૂરિના હાથે પુંજામુનિવરે દીક્ષા ગ્રહણ કરી. ઉગ્રતપક્રિયાને ધારણ કરનાર, મોટા અભિગ્રહધારી શાસનદીપક થયા. પુંજરાજઋષિ ધન્નાની ઉપમાને પામતા શ્રી જયચંદ્રસૂરિની સાનિધ્યતામાં રહી તપ કરેલ છે. ૧૨૩૯૨ ઉપવાસ તેમણે કરેલ છે. તે તપની સંખ્યા ઉપાધ્યાય સમયસુંદરજીએ કરેલ પુંજાઋષિનો રાસ, અથવા મુનિ હીરરાજના શિષ્ય દલભદ્રે કરેલ પુંજરત્નરાસમાંથી જાણવી.

## (૬૨) શ્રી જયચંદ્રસૂરિ.

શ્રી વિમલચંદ્રસૂરિની પાટે શ્રી જયચંદ્રસૂરિ થયા. વીકાનેરના ઓસવાળ જેતસિંહ પિતા, જેતલદે માતા એમ તેમનાં માતા પિતાનાં નામો હતાં. વિ. સં. ૧૬૭૪ માં રાજનગરમાં આચાર્યપદ મળ્યું હતું. વિ. સં. ૧૬૯૯ ના અસાડ સુદ ૧૫ દિને સ્વર્ગવાસ પામ્યા. વિ. સં. ૧૬૮૦ માં શાન્તિદાસ શ્રાવકથી સાગર થયા.

## (૬૩) શ્રી પદ્મચંદ્રસૂરિ.

શ્રી જયચંદ્રસૂરિની પાટે શ્રી પદ્મચંદ્રસૂરિ થયા. રાજનગરના શ્રીમાલી જ્ઞાતીય સંઘવી શીવજી પિતા સૂરમદે માતાની કુખથી સં. ૧૬૮૨ ના ચૈત્ર શુદ. ૧૫ દિને જન્મ, વિ. સં. ૧૬૯૮ માં ફાગણ સુદ ૩ દિને દીક્ષા. વિ. સં. ૧૬૯૯ ના અસાડ સુદ ૧૫ દિને રાજનગરમાં આચાર્યપદ પામ્યા, સં. ૧૭૪૪ ના આસો સુદી ૧૦ દિને વીરમગામમાં સ્વર્ગવાસ પામ્યા. એમના સમયમાં ઉપાધ્યાય મેઘરાજ સારા વિદ્વાન્ હતા. તેમણે નલદમયંતી રાસ, સાધુસમાચારી, સત્તરભેદી પુજા વિગેરે ગ્રંથ કરેલ છે. શ્રી પદ્મચંદ્રસૂરિએ વિહરમાનજીનની વીસી વિગેરે સ્તવન સઝ્ઝાયો કરેલી છે. સં. ૧૭૨૮ માં પીતવસ્ત્ર ધારણ કરનારા થયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૬૪) શ્રી મુનિચંદ્રસૂરિ (બીજા).

શ્રી પદ્મચંદ્રસૂરિની પાટે શ્રી મુનિચંદ્રસૂરિ થયા. જોધપુરના ઓસવાળ સોનીગોત્રીય શાહ ધનરાજ પિતા ને ધારલદે માતાની કૂખથી વિ સં. ૧૬૯૩ ના જેઠ સુદ ૭ દિને જન્મ અને વિ. સં. ૧૭૦૭ ના માગસર સુદ ૫ દિને આગ્રાનગરમાં દીક્ષા, સં. ૧૭૨૨ ના અસાડ સુદ ૧૦ દિને ખંભાતનગરમાં આચાર્યપદ, સં. ૧૭૩૧ ના ફાગણ સુદ ૫ દિને શ્રી વાંદણામહોત્સવ, સં. ૧૭૪૪ માં વીકાનેર મધ્યે ભટ્ટારકપદ મહોત્સવ, સં. ૧૭૫૦ ના આસોવદ ૧૦ દિને વીરમગામમાં સ્વર્ગવાસ થયો. વિ. સં. ૧૭ ની સદીમાં આનંદઘનજી યોગી વિદ્યમાન હતા, તેમણે સ્તવન ચોવીશી કરેલ છે. ખરતરગચ્છની અંદર સમયસુંદર ઉપાધ્યાય, તથા તપગચ્છમાં વિનયવિજયજી ઉપાધ્યાય અને યશોવિજયજી ઉપાધ્યાય, અને જિતવિજયજી વિગેરે વિચરતા હતા. તેઓએ પણ ઘણા ગ્રંથો કરેલા છે.

## (૬૫) શ્રી નેમિચંદ્રસૂરિ (બીજા).

શ્રી મુનિચંદ્રસૂરિની પાટે શ્રી નેમિચંદ્રસૂરિ થયા. રત્નપુરના ઓસવાળ નાહડગોત્રીય શાહ ભારમલપિતા, ભક્તાદે માતાની કુખથી સં. ૧૭૩૧ ના ચૈત્ર વદી ૫ દિને જન્મ્યા હતા. સં. ૧૭૪૦ ના વૈશાખ સુદી ૩ દિને વિકાનેરમાં દીક્ષા, સં. ૧૭૫૦ ના ભાદરવા સુદ ૧૫ દિને વીરમગામમાં આચાર્ય પદ, વિ. સં. ૧૭૫૦ ના આસો વદી ૧૧ દિને ભટ્ટારકપદ, સં. ૧૭૯૭ ના વૈશાખ વદી ૫ દિને વીકાનેરમાં સ્વર્ગવાસ. એમના સમયમાં ઉપાધ્યાય વાઘચંદ્ર, દેવચંદ્ર પંડિત, વીરચંદ્રપંડિત તથા ઉપાધ્યાય ભાણચંદ્ર વિગેરે સારા વિદ્વાનો હતા તેમણે સ્તવનચોવિશીયો વિગેરે કરેલ છે.

## (૬૬) શ્રી કનકચંદ્રસૂરિ.

શ્રી નેમિચંદ્રસૂરિની પાટે શ્રી કનકચંદ્રસૂરિ થયા. વીકાનેરવાસી મુણોતગોત્રીય શા માણ્દાસજી પિતા, મહિમાદે માતાની કુખથી સં. ૧૭૪૬ ના શ્રાવણ વદી ૩ દિને જન્મ, સં. ૧૭૫૭ ના મહા સુદી ૫ દિને દીક્ષા, સં. ૧૭૯૬ ના મહા સુદ ૧૩ દિને વીકાનેરમાં આચાર્યપદ, સં. ૧૭૯૭ ના આષાઢ સુદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨ દિને વીકાનેરમાં ભટ્ટારકપદ, સં ૧૮૧૦ ના મહા વદી ૯ દિને વીકાનેરમાં સ્વર્ગવાસ પામ્યા, એમના સમયમાં એમના સમુદાયના અક્ષયચંદ્રસૂરિ સારા વિદ્વાન્ વિચરતા હતા. તેમણે સ્તવનચોવીસી વિગેરે કરેલ છે. તેમના શિષ્ય-મુનિ ખુશાલચંદ્ર હતા. તેમણે પણ સ્તવનચોવીસી કરેલ છે. વળી ધર્મસિંહ ઉપાધ્યાયના શિષ્ય કર્મચંદ્ર ઉપાધ્યાયે પ્રાકૃતમાં ગાથાબદ્ધસદુપદેશ નામનો ગ્રંથ તેમજ કલિકાલસ્વરૂપકથકશતક, રોહિણીચરિત્રરાસ વિગેરે ગ્રંથો કરેલ છે. વિ. સં. ૧૭૯૮ ના પોષ વદી ૧૩ દિને ઉપાધ્યાય શ્રી હર્ષચંદ્રના શિષ્ય મુનિશ્રી ન્યાલચંદે જગતશેઠની માતા શ્રી માણેકદેવીજીનો રાસ રચેલ છે. તેમજ સં. ૧૮૪૧ માં મુર્શીદાબાદમાં બ્રહ્મબાવની બનાવેલ છે.

## (૬૭) શ્રી શીવચંદ્રસૂરિ.

શ્રી કનકચંદ્રસૂરિની પાટે શ્રી શીવચંદ્રસૂરિ થયા. માંડલગામના શ્રીમાલી-જ્ઞાતીય ગાંધી શા. દીપચંદ પિતા ધનબાઇ માતાની કૂખથી સં. ૧૭૫૬ ના કારતક સુદ ૬ દિને જન્મ, સં. ૧૭૭૪ ના આસાડ સુદ ૨ દિને દીક્ષા, સં. ૧૮૧૦ ના મહા વદી ૬ દિને વીકાનેરમાં આચાર્યપદ વિ. સં. ૧૮૧૧ ના મહા-સુદ ૫ દિને વીકાનેરમાં ભટ્ટારકપદ વિ. સં. ૧૮૨૩ ના પ્રથમ ચૈત્ર શુદ ૯ ના દિને શ્રી વડુગામે સ્વર્ગવાસ થયા.

## (૬૮) શ્રી ભાનુચંદ્રસૂરી.

શ્રી શીવચંદ્રસૂરિની પાટે શ્રી ભાનુચંદ્રસૂરિ થયા કરમાવાસ ગામના ઓસ-વાળ ભડસાલી જ્ઞાતીય, શા. પ્રેમરાજ પિતા અને પ્રેમાદેમાતાની કૂખથી સં. ૧૮૦૩ માં જન્મ, સં. ૧૮૧૫ ના વૈશાખ સુદ ૭ દિને વીકાનેરમાં દીક્ષા, સં. ૧૮૨૩ ના પ્રથમ ચૈત્ર સુદ ૯ દિને વડુગામમાં આચાર્યપદ. એ આ-ચાર્યપદના મહોત્સવમાં કુચેરી અનોપજી નથમલજીએ ઘણો પૈસો ખરચી જૈનધર્મનો મહિમા વધાર્યો હતો સં. ૧૮૨૩ ના બીજા ચૈત્ર સુદ ૫ ને સોમ-વારે સાંજ ભટ્ટારકપદ, સં. ૧૮૩૭ ના કારતક વદી ૮ દિને વીરમગામમાં સ્વર્ગવાસ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૬૯) શ્રી વિવેકચંદ્રસૂરી.

શ્રી ભાનુચંદ્રસૂરિની પાટે શ્રી વિવેકચંદ્રસૂરિ થયા. જાલોરનગરના ઓસવાળ સંઘવી શા. મૂળચંદપિતા મહિમાદે માતાની કૂખથી સં. ૧૮૦૯ માં જન્મ સં. ૧૮૧૩ ના વૈશાખ વદમાં વીકાનેર આવ્યા. સં. ૧૮૨૦ માં નાગોરમાં દીક્ષા. સં. ૧૮૩૭ ના આસો સુદી ૨ દિને વીરમગામમાં આચાર્ય પદ, સં. ૧૮૩૭ ના મહા સુદી ૫ દિને વીરમગામમાં ભટ્ટારક પદ, સં. ૧૮૫૪ ના શ્રાવણ વદી ૧૩ દિને ઉજ્જેણીનગરીમાં સ્વર્ગવાસ થયો.

## (૭૦) શ્રી લબ્ધિચંદ્રસૂરિ.

શ્રી વિવેકચંદ્રસૂરિની પાટે શ્રી લબ્ધિચંદ્રસૂરિ થયા, વીકાનેરવાસી ઓશવાળ જ્ઞાતીય છાજેડગોત્રીય પિતા શા. ગીરધર, માતા ગોરમદેની કૂખથી સં. ૧૮૩૫ ના શ્રાવણ વદમાં જન્મ, સં. ૧૮૪૦ માં આચાર્ય પાસે આવ્યા, સં. ૧૮૪૯ ના વૈશાખ સુદ ૩ દિને ખંભાતમાં દીક્ષા, સં. ૧૮૫૪ ના શ્રાવણ વદ ૯ દિને શ્રી ઉજ્જેણનગરમાં આચાર્યપદ, સં. ૧૮૫૪ ના માગશર વદી ૫ દિને ઉજ્જેણનગરમાં ભટ્ટારકપદ. આ આચાર્યશ્રીએ માળવા, ગુજરાત, દક્ષિણ, બંગાલા, મારવાડ વિગેરે દેશોમાં વિહાર કર્યો હતો, તેઓશ્રીનો વિ. સં. ૧૮૮૩ ના કારતક વદી ૧૦ દિને વીકાનેરમાં સ્વર્ગવાસ થયો. એમના સમયમાં જિનચંદ્રગણિ જગતપંડિત બિરૂદના ધારણ કરનારા ધુરંધર વિદ્વાન્ વીચરતા હતા. તેમણે સિદ્ધાન્તરત્નિકા વ્યાકરણ તથા જ્યોતિષના જાતકગ્રંથ વિગેરે નવરત્નો બનાવેલા હતા, તેમના ગુરૂ સાગરચંદ્રમહોપાધ્યાય હતા જેમણે "સ્તવન ચોવીશી" કરેલી છે, તે ગુરૂએ આપેલી આમન્યાયથી ત્રણ દિવસમાં સરસ્વતી સાક્ષાત્ પ્રસન્ન થઇ. (તેમના સંબંધમાં આવી દંતકથા ચાલે છે કે) તે પંડિત જિનચંદ્રજી અમદાવાદના હઠીસીંગની વાડીમાં "સમ્મતિ તર્ક" ગ્રંથ વ્યાખ્યાનમાં વાંચતા હતા. તે સાંભળવાને પંડિત વીરવિજયજી પણ જતા હતા. વળી અમદાવાદના નગરશેઠ હેમાભાઇના આગ્રહથી શાંતિસ્નાત્ર ભણાવી મરકીનો ઉપદ્રવ નિવારણ કર્યો હતો. તેઓ પોતાના ઉત્તમ પાંડિત્ય વડે ષટ્ દર્શનીયોમાં પણ પંકાતા હતા, પૂનામાં પાંચસેં પંડિતની સભામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"જગતપંડિત"નું બિરૂદ મેળવ્યું હતું. એમના ઉપદેશથી મેવાડ દેશના દીવાન ઉદેપુરના વાસી પટવા જોહોરાવરમલજીએ ૨૫ ) લાખ રૂપીઆ ખરચી સિદ્ધાચલજીનો સંઘ કહાડયો હતો. તેમની ઉપદેશશક્તિ તેમ કંઠકળાશક્તિ ( ગાયનકળા ) ઘણીજ વખાણવા લાયક હતી.

## (૭૧) શ્રી હર્ષચંદ્રસૂરિ.

શ્રી લબ્ધિચંદ્રસૂરિની પાટે શ્રી હર્ષચંદ્રસૂરિ થયા, સાધાસરના વાસી ઓસવાલ જ્ઞાતિય સંઘવી ગોત્રિય આ આચાર્ય હતા, સંવત ૧૮૮૧ ના મહા સુદ ૧૩ દિને દીક્ષા લીધી, વિક્રમ સંવત ૧૮૮૩ ના કારતક વદી ૭ ને દિને વિકાનેરમાં આચાર્યપદ તેમજ તેજ વર્ષના મહા શુદ ૫ ને દિને ભટ્ટારકપદ પામ્યા આ આચાર્ય વૈરાગ્ય રંગે રંગિતાત્મા વિવેકવંત મહા પ્રભાવિક જગત શેઠના ગુરૂ હતા, જે વખતે કલકત્તામાં આચાર્ય પધાર્યા ( તે સંબંધમાં આવી દંતકથા છે કે ) તે વખતે જગતશેઠના લીધે ત્યાંના વાઇસરૉયે બહુમાન આપ્યું હતું. જગતશેઠના કહેવાથી વાઇસરૉય પોતે જેમના સામય્યામાં પગમાંથી બુટ કાઢીને સાથે ચાલ્યા હતા, તે વખતે અંગ્રેજી રાજ્યમાં જગતશેઠની એટલી બધા સત્તા હતી કે વાઇસરૉયની પસંદગી પોતેજ કરતા હતા. તે પણ એક જૈન શ્રાવકોના સમય હતો. બંગાળામાં આવેલા મુર્શિદાવાદ નગરના મહારિદ્ધિવંત જગતવિખ્યાત જગતશેઠ તથા દુગડગોત્રીય બાબુ પ્રતાપસિંહ તથા નવલખા જસરૂપ મહેરચંદ્ર વિગેરે મહર્ધિક શ્રાવકો શ્રી હર્ષચંદ્રસૂરિના પરમભક્ત હતા. એ સૂરિના ઉપદેશથીજ નવપદની ઓળીને આરાધીને બાબુ પ્રતાપસિંહ વિશાળ રિદ્ધિસિદ્ધિ પામ્યા. તેઓના ઉપદેશથી વિક્રમ સંવત ૧૯૦૪ ની સાલમાં એ સૂરિરાજને સાથે લઇ મોટા આડંબરથી શ્રી કેસરીયાજીનો સંઘ કહાડયો હતો. આ આચાર્યશ્રી કાશીમાં વિદ્વાનોની સભામાં જય પામ્યા હતા, એમની પાસે પઠન, પાઠન, લેખન વિગેરેની પદ્ધતિ સારી હતી, ઘણા શિષ્યોને પોતે જાતે ભણાવતા હતા. બાર વર્ષ સુધી સિદ્ધાચળજીની પવિત્ર ભૂમિમાં આત્મકલ્યાણાર્થે નિવાસ કર્યો હતો. તેઓ હમેશાં એકભક્તભોજી હતા અને ઉષ્ણજલ વાપરતા તથા ગચ્છની રૂડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે સારણા વારણા કરતા હતા. એમણે શ્રી શત્રુંજય ગિરિરાજની પાદવિહારે ૯૯ જાત્રાઓ કરી હતી, તેઓ સ્વરોદયજ્ઞાની પંડિત ચિદાનંદજીના પરમમિત્ર હતા. ચિદાનંદજીએ તેમની સાથે એક ચાતુર્માસ કર્યું હતું. સંવત ૧૯૧૩ ના ફાગણ વદી ૧૩ ના દિને શ્રીશંખેશ્વર તીર્થમાં દેહોત્સર્ગ તેમનો થયો હતો.

## (૭૨) શ્રી હેમચંદ્રસૂરિ. (બીજા)

શ્રી હર્ષચંદ્રજીની પાટે શ્રી હેમચંદ્રસૂરિ થયા કચ્છકોડાય ગામવાસી, ઓસવાળ જ્ઞાતીય તેઓ હતા. તેઓએ વિક્રમ સંવત્ ૧૯૧૪ ના વૈશાખ સુદ ૩ ને દિને દીક્ષા લીધી. તેઓશ્રીને વિક્રમ સંવત્ ૧૯૧૫ માં વીકાનેરમાં આચાર્યપદ તથા ભટ્ટારકપદ આપવામાં આવ્યું હતું, તેમના વખતમાં શ્રી હર્ષચંદ્રસૂરિજીના શિષ્ય સંવેગરંગરંગિતાઆત્મા મુનિ મહારાજશ્રી કુશલચંદ્રજી ગણી. પંડિત મુક્તિચંદ્રજી ગણી, શ્રી હર્ષચંદ્રસૂરિજીના કોટવાલજી પંડિત હરચંદ્રજી, ઉપાધ્યાય અક્ષયચંદ્રજી તથા કવિરાજ અભિરચંદ્રજી વિગેરે સારા વિદ્વાનો હતા. વિક્રમ સં. ૧૯૩૨ ની સાલમાં પંડિત મુક્તિચંદ્ર ગણી અમદાવાદમાં ચાતુર્માસ હતા. તેજ સાલના આષાઢ વદી ૫ ને દિને અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇ વિગેરે શેઠીઆઓના અત્યંત આગ્રહથી તેઓને ( મુક્તિચંદ્ર ગણીને ) તેઓની સાથે તીર્થરક્ષાના સંબંધમાં પાલીતાણાના કેસ માટે રાજકોટમાં કિંડી સાહેબ પાસે જવું પડયું હતું, અને તેજ વર્ષના ભાદરવા વદ ૧૦ ને દિવસે તેજ સાહેબ પાસે પાદલિપ્તને પાલિતાણા સિદ્ધ કરવા માટે કેસ ચાલ્યો, આ વખતે તેઓએ તે શબ્દ શાસ્ત્રથી સિદ્ધ કરી આપ્યો કે જેથી કેસમાં વિજય મળ્યો હતો. વિક્રમ સંવત ૧૯૪૦ માં શ્રી હેમચંદ્રસૂરિએ વિરમગામમાં આત્મભોગ આપી જીવદયા ખાતર સારો પ્રયત્ન કર્યો હતો. તેઓશ્રી વિક્રમ સંવત્ ૧૯૬૭ ના ચૈત્ર વદી ૭ ને દિને વિકાનેરમાં આરધના પૂર્વક સ્વર્ગે ગયા.

## (૭૩) શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ. ( ક્રિયોદ્ધારકારક ).

શ્રી હેમચંદ્રસૂરિની પાટે શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ થયા. તેમનો જન્મ વાંકડીયા વડગામ વાસી ઔદિચ્ય વાડવવંસી દાનમલજી પિતા વિજયા માતાની કૂખથી વિ. સં. ૧૯૨૦ માં થયો હતો. સં. ૧૯૩૫ ના ફાગણ સુદ ૨ દિને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્ય શ્રી હર્ષચંદ્રસૂરિના શિષ્ય પંડિત મુક્તિચંદ્રગણિના હાથે વીર મગામમાં દીક્ષા લીધી. વિ. સં. ૧૯૩૭ ના વૈશાખ સુદ ૧૧ દિને મુનીમહારાજ શ્રીકુશલચંદ્રજી ગણિની નિશ્રાએ નિર્ગ્રંથ પ્રવચન સંવેગ માર્ગની તુલના કરી. ( ક્રિયાઉદ્ધાર કર્યો. ) તેઓ મહાપ્રતાપી બાળબ્રહ્મચારી, સિદ્ધાન્તપારગામી, સંવેગરંગરંગિત આત્મા હતા. તેમણે પોતાના ધર્મોપદેશથી જામનગરના મહારાજા જામસાહેબ વિભાજી બહાદુર ધ્રાંગધ્રાના મહારાજા માનસિંહજી તેમના ભાયાત પ્રતાપસિંહજી તથા જાલમસિંહજી બજાણાના દરબાર સાહેબ નશીબખાનજી, પાટડીના દરબાર સૂરજમલસિંહજી, લીમડીના નામદાર મહારાજા શ્રી જશવંતસિંહજી બહાદુર, કચ્છ-ભૂજનું રાજમંડલ. તથા જેશલમેરના મહારાજા વિગેરેને જૈનધર્મ પ્રત્યે સારી લાગણીવાળા કર્યા હતા. જીર્ણોદ્ધારના ઉપદેશથી વીકાનેરના ભાંડાસરજીનું મ્હોટું દેરાસર તથા ખંભાતમાં નવપલ્લવજી, ચિંતામણિજી, તથા આદિનાથનું દેરાસર, અને વીરમગામમાં અજિતનાથ સ્વામીનું દેરાસર, ઇત્યાદિક દેરાસરોના જીર્ણોદ્ધાર થયા. જીવદયાના ઉપદેશથી વીરમગામ, માંડલ, વિગેરે સ્થળોમાં પાંજરાપોળો થઇ. ધાર્મિક કેળવણીના ઉપદેશથી રાજનગરમાં શ્રી જૈન હઠીસીંગ સરસ્વતી સભા, કચ્છ મોટી ખાખરમાં ભ્રાતૃચંદ્રાભ્યુદય પાઠશાળા, તથા કન્યાશાળા, ધ્રાંગધ્રામાં મુનિશ્રી કુશલચંદ્રગણિ વિદ્યાશાળા તેમજ કેટલેક સ્થળે પોશધશાળા તથા ધર્મશાળા વિગેરે થયાં. વળી કચ્છમુંદ્રામાં અથીર પ્રતિમાને સ્થીર કર્યા સંબંધી, વીરમગામમાં દેરાસરજીની પ્રતિષ્ઠા વખતે વૃષ્ટિ સંબંધી તેમજ ખંભાત વિગેરે સ્થળોમાં તેમના તપ તેજના ચમત્કાર લોકોને જાણવામાં આવ્યા હતા. તેઓશ્રીએ ગુજરાત, કચ્છ, કાઠીઆવાડ, ઝાલાવાડ, ગોઢવાડ, મારવાડ, મેવાડ વિગેરે દેશોમાં વિચરી અનેક ભવ્યજીવોનો ઉદ્ધાર કર્યો હતો. ઘણે સ્થળે પડેલા તડ ટંટાઓને ઉપદેશ આપી શાન્ત કર્યા. પાટણ, જેશલમેર, ખંભાત, વીકાનેર વિગેરેના જુના વખતના ભંડારો આ આચાર્યે જોઇ સારી રીતે અનુભવ મેળવી પ્રવીણ થયા હતા. વિ. સં. ૧૯૬૭ ના વૈશાખ શુદ ૧૩ ને બુધવારે શીવગંજ શહેરમાં તેઓશ્રી આચાર્યપદ તથા ભટ્ટારકપદ પામ્યા. વિ. સંવત્ ૧૯૭૨ ના વૈશાખ વદ ૮ ને બુધવારની રાત્રે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧ાા વાગે શુભધ્યાનથી ત્રણ દિવસના અણસણ પૂર્વક રાજનગરમાં તેઓશ્રી સ્વર્ગવાસ થયા. તે સમયે આચાર્યશ્રીની વૈયાવચ્ચમાં **તપસ્વી મુનિમહારાજ શ્રી જગતચંદ્રજી** મહારાજ તથા મુનિશ્રી સાગરચંદ્રજી વિગેરેઓ સારી રીતે તત્પર રહ્યા હતા.

यतः–श्रीमत्पर्वतनायकार्बुदागिरिप्रान्तप्रदेशस्थित–
वड्ग्रामनिवासिनो गुणिवरादौदीच्यविप्रात्सतः ॥
जन्मप्रापदसौ स्वमातृ–विजयाकुक्षौ सुपुण्ये दिने,
भाईचन्द इति प्रथां च धृतवांश्चन्द्रोपमांगद्युतेः ॥ १ ॥
सूरीन्द्रं भ्रातृचंद्राख्यं, दिव्यं स्याद्वादवादिनम् ॥
पदस्थं नयनिष्णातं, वन्दे श्रीमुक्तिनंदनम् ॥ २ ॥
श्रीमद्विद्यावतंसाः शमदमसहिता बालभावाद्विरक्ता,
ज्ञानाभ्यासे प्रवृत्ता निखिलजनमनोहर्षदाः स्वैर्गुणोघैः ॥
मध्यस्था मान्यवाक्या दलितमदबला भ्रातृचंद्राभिधाना–
स्तारुण्ये तीर्णमोहा निरुपमचरिताः सूरिराजा जयन्तु ॥ ३ ॥
अनेकगुणगणशोभित–सूरीश्वरश्रीभ्रातृचन्द्रगुरुम् ।
सदा शुभाशयेनाह–मंघ्रिसरोजं तस्य वन्दे ॥ ४ ॥
येन ज्ञानप्रदीपेन, निरस्याभ्यंतरं तमः ।
ममात्मा निर्मलीचक्रे, तस्मै श्रीगुरवे नमः ॥ ५ ॥

અપૂર્ણ.—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સૂરીશ્વર સ્તવન.

## હરિગીત છંદ.

શ્રી પાર્શ્વચંદ્ર સૂરીંદ નાગપૂરીંદ તપગણ નભમણી,
તસપટ પરંપર ગણ ધુરંધર હેમચંદ્રસૂરિ ગુણી;
નિગ્રંથ ગુરૂ તસ પાટ રાજે આજ ગાજે મુનિવરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૧
છે શાંત દાંત મહંત ક્રિયાપાત્ર સમતાસાગરૂ,
પંડિત પ્રવર વિદ્વાન બુદ્ધિનિધાન વિદ્યાઆગરૂ;
અઘઓઘવારક મહાપ્રભાવક ધર્મધોરી ધુરંધરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૨
છે ભવ્ય આકૃતિ ધર્મમૂર્તિ પ્રભુ તુલ્ય મનોવૃતી,
તપ તેજ દીપે કદિ ન છીપે ભાગ્યની ચઢતી રતી;
વળિ શરદશશિ સમ સૌમ્ય કાંતિ શાંતિવાન શુભંકરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૩
ગુરૂ ગચ્છનાયક જ્ઞાનદાયક સંઘમાં લાયક સુદા,
ગતરાગ રોષ ન દોષ જરિએ તોષ સુખ દુઃખમાં સદા;
છત્રીસ ગુણગણ યુકત સૂરીશ્વર ચરણ ગુણથી અલંકર્યા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૪
જિનભાણ અસ્ત થતાં સૂરીશ્વર જ્ઞાનદીપ પ્રકાશતા,
મિથ્યાંધકાર વિકાર ટાળી ભવિકજન પ્રતિબોધતા;
શુભ છંદ સાંકળચંદ કહે પાવન કરો ભારતધરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૫

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ॥ શ્રી ગુરૂવિરહ સ્તવન ॥

મારગદેશક મોક્ષનો રે. એ દેશી.

પ્રહસમે પ્રણમું પ્રેમથીરે, આચારજ ભગવાન,
ગીતારથ ગણપતિ ગુરૂરે, જ્ઞાનકલા સુનિધાનરે;
ગુરૂ ગુણ સાંભરે, શ્રી ભ્રાતૃચંદ્રસૂરિરાયોરે,
મનથી ન વીસરે. એ આંકણી. ૧
નાગપુરીય તપગચ્છ મણીરે. શાસનનો શિણગાર;
ઉપકારી જગજીવનોરે, કરૂણારસ ભંડારોરે. ગુરૂ૦ ૨
ગુણદરિયો ભરિયો ગુરૂરે, વરિયો સ્વર્ગાવાસ;
ઠરિયો નિજ ગુણ જ્ઞાનમાંરે, કરિયો કલેશનો નાશરે. ગુરૂ૦ ૩
શિરછત્ર ભવ્ય જીવનોરે, મુગટમણિ શિરતાજ;
નાથ અનાથ કરી ગયોરે, સકલ જૈનસમાજરે. ગુરૂ૦ ૪
પંડિતપ્રવર સૂરીશ્વરૂરે, નિરભિમાની દાતાર;
ગુણગ્રાહક ગુણ ગુરૂ તણોરે, સહુથી અધિક ઉદારરે. ગુરૂ૦ ૫
સૂરિ સાનિધે કહ્લોલથીરે, કરતા જ્ઞાન અભ્યાસ;
સમયસાર્થક કરવા વિષેરે, ઉપદેશે ગુરૂ ખાસરે. ગુરૂ૦ ૬
વચ્છલભાવ દેખાડિનેરે, ભાવ દયા ધરનાર;
એહવા ગુરૂ વિણ કોણ હવેરે. કરશે મોરી સારરે. ગુરૂ૦ ૭
શ્રી પાર્શ્વચંદ્રસૂરીંદ્રપરેરે, ફોરવ્યો વીર્ય અપાર;
ગોયમ સોહમ સમગુરૂરે, હવે અમ કોણ આધારરે. ગુરૂ૦ ૮
નિજ શિષ્યોપર દયા ધરીરે, દ્યો દરિસણ સૂરીંદ્ર;
ગુરૂ પદકજે મન થીર કરારે, ભણે મુનિ સાગરચંદરે. ગુરૂ૦ ૯

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગુરૂગુણ સ્મરણ પદ.

અવધુ નિરપક્ષ વિરલા કોઇ—એ રાગ.

મુજ મન ગુરૂ વિરહો બહુ સાલે, હવે મિલશ્યે કયા કાલે;
મુજ મન ગુરૂ વિરહો બહુ સાલે. એ ટેક.
પુરૂષ રતન ચિંતામણી સરિખો, અર્થિત અર્થને આલે;
આગમવાણી અર્થની ખાણી, દુર્લભ પંચમ કાલે. મુજ૦ ૧
અધમ ઉદ્ધારણ ભવજલતારણ, શરણાગતને પાલે;
એહવા સદ્ગુરૂ ગુણગણ આગરૂ, વિણ ચેતન કિમ ચાલે. મુજ૦ ૨
અમૃતદૃષ્ટિ સદા સેવકપર, ત્રિવિધ તાપને ટાલે;
શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ સદ્ગુરૂને, સાગર કયાંથી નિહાલે. મુજ૦ ૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com